

Celebrating 50 ઘનશ્યામ Years of Spirituality

વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦/-
૧૦ માર્ચ-એપ્રિલ, ૨૦૨૫
વર્ષ : ૫૦ ● અંક : ૦૩-૦૪



ગુરુદેવ પ.પૂ. બાપજીના પ્રાગટ્ય પર્વે તેઓના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન










## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ










**(૧-૪) દિવ્ય ઝોનલ સત્સંગ વિચરણ : સુરેન્દ્રનગર (૫-૮) સ્વામિનારાયણ ધામ ખાતે અનુક્રમે શિક્ષાપત્રી જયંતિ, SKS કેમ્પ, દિવ્ય સાંનિધ્ય શિબિર, ધો.૧૦-૧૨ના વિદ્યાર્થીઓને રિસિપ્ટ વિતરણનો લાભ આપતા વ્હાલા ગુરુજી**



# દિવ્યવાણી

ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની સભામાંથી સંકલિત

"બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન;
મારે એક વાર્તા રે, સહુને સંભળાવ્યાનું છે મન.
મારી મૂરતિ રે, મારા લોક, ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, અહીં તો જોયાની છે જુક્ત."

શ્રીહરિ આવો દિવ્યભાવનો માહોલ પ્રગટાવવા આ બ્રહ્માંડને વિષે પધાર્યા છે. એટલે મહારાજ નરનારી સહુ હરિજનને પોતાની વાત સંભળાવવા તત્પર બન્યા હતા. મહારાજે સંભળાવેલી વાતને માત્ર શ્રવણ કરી કાઢી નથી નાખવાની; પરંતુ એ પ્રમાણેનું વર્તન કરવાનું છે. પાંચેય સ્વરૂપને વિષે દિવ્યભાવનું નિરુત્થાનપણું કરવાનું છે. તે કારણ સત્સંગી તરીકે આપણું પ્રથમ મિશન છે. આ મિશનની પૂર્તિ કરવા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ તા. ૧૨-૨-૨૦૨૫ના રોજ પૂનમના સમૈયામાં દિવ્ય લાભ આપ્યો હતો; તેનું મનન કરી મિશન તરફ આગળ વધીએ.

મુક્તો, મહારાજનો આ વખતનો સંકલ્પ છે કે, ઓરડાના પદના વચનોને સાકાર કરવા છે. મહારાજે મૂર્તિ, લોક, ભોગ ને મુક્ત સર્વેને મારા અને દિવ્ય કહ્યા છે. મહારાજે આપેલા ટાઇટલમાં કોઈ માયિકભાવ ન જ હોય.

માયિકભાવ એટલે શું ? તો, આ લોકનાં નાશવંત વ્યક્તિ, પદાર્થ, સંબંધો ચર્મચક્ષુએ જેવું દેખાય છે એવું જ સમજવું. હું આ, આ મારો પુત્ર, આ મારી પત્ની, હું ધોળકાનો – આવા અવરભાવના જે કાંઈ ભાવ રહે તેને માયિકભાવ કહેવાય.

દિવ્યભાવ એટલે શું ? મહારાજ અને મોટાપુરુષના વચને જે દેખાતું નથી પણ વાસ્તવિકતાએ સાચું છે એવા સૌમાં અનાદિમુક્તના ભાવની હા પડી જાય તેને દિવ્યભાવ કહેવાય. દિવ્યભાવની વાત દૃઢ કરાવવા શ્રીજીમહારાજે સંપ્રદાયમાં બે પ્રસંગ ઊભા કર્યા. એક, માનકૂવામાં રૂમાલ બતાવી તેને નિરુત્થાનપણે તલવાર માની સ્વીકારવાની આજ્ઞા કરી. બીજું, ગઢપુરમાં સભા વચ્ચે દાદાખાચરને ઘડામાં કોળું નાખવાની આજ્ઞા કરી. દાદાખાચરે નિઃસંશય થઈ આજ્ઞા અધ્ધર ઝીલી પ્રયત્ન કર્યા. મહારાજે કહ્યું, "દાદા, કોળું ઘડામાં આવી ગયું." કોળું બહાર દેખાવા છતાં દાદાખાચરે નિઃસંશય થઈ સ્વીકારી લીધું.

શ્રીજીમહારાજ બાલ્યાવસ્થામાં વંડીનો ઘોડો કરવાનો ચમત્કાર જણાવતા તો શું ઘડામાં કોળું ન લાવી શકે ? પરંતુ દિવ્યભાવની વાતની દૃઢતા કરાવવા મહારાજે ચમત્કાર ન જણાવતાં બહાર દેખાવા છતાં અંદર જ છે એ વાત પર વિશ્વાસ રાખી નિઃસંશય થઈ સ્વીકારવાનું શીખવ્યું. અર્થાત્ અવરભાવમાં સૌને વિષે દેહના ભાવો દેખાવા છતાં સૌ દિવ્ય અનાદિમુક્તો જ છે એવું નિઃસંશયપણું કેળવવું – આ પાઠ આપણને શીખવ્યો છે.

શ્રીજીમહારાજે ગઢડા છેલ્લાના ૨જા વચનામૃતમાં "સર્વે હરિભક્તને અતિશે પ્રકાશે યુક્ત દેખું છું, એમાં જો લગાર પણ મિથ્યા કહેતા હોઈએ તો આ સંત સભાના સમ છે." એમ જણાવ્યું તથા ભક્તચિંતામણિના ૭૬મા પ્રકરણમાં

અતિ રહસ્યની, એકાંતની વાત કરતાં કહ્યું છે,

“આ સભામાં આપણ સહુનાં, તેજોમય તન છે;
છટા છૂટે છે તેજની, જાણે પ્રકટિયા કોટિ ઇંદુ છે.”

શ્રીજીમહારાજે જોગમાં આવનારનાં વાંક-ગુના, અપરાધ, ઉપલક સ્વભાવ-પ્રકૃતિ કાંઈ જોયા વિના તેજોમય તનના આશીર્વાદ આપી સ્વીકારી લીધા છે તો આપણે શા માટે ન સ્વીકારવા ? આપણે મહારાજના આ વચનમાં વિશ્વાસ લાવી સૌને વિષે અનાદિમુક્તનો દિવ્યભાવ કેળવી આપણા વાણી-વ્યવહારમાં બદલાવ લાવવાનો છે.

શ્રીજીમહારાજે ગઢડા છેલ્લાના ૨૧મા વચનામૃતમાં સંતો-હરિભક્તોને વિષે દિવ્યભાવ કેળવવાની રીત શીખવી છે કે, “ભગવાનના ભક્ત હોય તેને વાદ-વિવાદે કરીને જીતીને રાજી થાવું નહિ; એ સાથે તો હારીને જ રાજી થાવું.” પરિવારના સભ્યો હોય કે સત્સંગમાં સંતો-હરિભક્તો હોય; સૌની સાથે હારીને રાજી થાવું.

નાનપણથી આપણા જીવનમાં જીતીને રાજી થવા જ ટેવાયેલા છીએ. નાના હતા ત્યારે લખોટી, ગિલ્લી દંડા, કબડ્ડી, ખોખો કે ક્રિકેટ રમતા તેમાં જીતીએ એટલે ખુશ થતા. હું જીત્યો, હું જીત્યો એમ રાજી થતા અને હારનારા દુઃખી થતા. જ્યારે અહીં તો મહારાજે આપણી ટેન્ડન્સિથી વિરુદ્ધ હારીને રાજી થવાની વાત કરી છે.

જીતીને રાજી થવું એટલે શું ? આપણી વાત બીજાની ઉપર ઠોકી બેસાડીએ, આપણી વાત સાચી પુરવાર કરીએ, સામેવાળાને નમાવી આપણું ધાર્યું એમની પાસે કરાવીએ, બીજાને નીચા દેખાડી પોતાનો વટ વધારીએ... સારા દેખાવું, અટંટ-અક્કડ રહી બીજાને હેઠા પાડવામાં આનંદ થવો કે ખુશ થવું તે જીતીને રાજી થયા કહેવાય.

હારીને રાજી થવું એટલે શું ? પોતાનું ગમતું, ધાર્યું મૂકી દઈ બીજાનું ગમતું, બીજાની મરજી, બીજાની વાત, માનીનતાને રાજી થકા સ્વીકારવી, અપનાવવી, સામેનાને ‘ભલે દયાળુ’ કહી સરળ થઈ નમવું, ખમવું, માફ કરવા, જતું કરી દેવું, છોડી દેવું, ઠરાવ છોડી દેવા તેને હારીને રાજી થયા કહેવાય.

ભક્તનું લક્ષણ શું ? પોતે રાજી થવાનું છોડી બીજાને રાજી કરવા મથે, પોતાનું ધાર્યું મૂકી દઈ બીજાના ધાર્યામાં વર્તી રાજી થાય, બીજાને નમાવીને નહિ, પોતે નમીને રાજી થાય એ ભક્તનું લક્ષણ છે.

શ્રીજીમહારાજે છેલ્લા પ્રકરણના ૨૧મા વચનામૃતની ‘હારીને રાજી થવા’ની વાત પોતાના જીવન દ્વારા શીખવી છે. નીલકંઠ વર્ણી વેષે શ્રીહરિ લોજપુરને વિષે પ્રથમ પધાર્યા. એ વખતે સદ્. રામાનંદ સ્વામીને પત્ર લખીને દર્શન માટે પ્રાર્થના કરી હતી. ત્યારે સદ્. રામાનંદ સ્વામીએ વળતા પત્રમાં લખ્યું હતું કે, ‘સત્સંગમાં રહેવાનો ખપ હોય તો થાંભલાને બાથ ભીડીને રહેવું પડશે.’ તેના બે અર્થ થાય :

૧. ગમે તેવી જડ વ્યક્તિ સાથે પણ હેત-પ્રીતિ કરવી પડશે. થાંભલા જેવા અક્કડ હોય તેની સાથે પણ પ્રેમથી નમીને રહેતા શીખજો.

૨. સત્સંગમાં સૌના દાસ થઈને રહેજો. થાંભલાને ઠેકાણે ઉપરી, લીડર ગમે તેવા હોય તોય એમની આગળ ધાર્યું મૂકી સરળ થઈ એમને બાથ ભીડીને સહર્ષ સ્વીકારીને રહેજો.

મહારાજની હારીને રાજી થવાની વાતને પુષ્ટિ કરતાં બાપાશ્રીએ ભાગ-૧ની ૯૮મી વાતમાં કહ્યું છે, “ભગવાનના ભક્ત સાથે તો હારીને જ રાજી થાવું, તો તેની ભક્તિ આપણને મળે, ને જીતીને રાજી થઈએ તો આપણી ભક્તિ તેને જાય; પણ એ માર્ગ થોડાને હાથ આવે. કેટલાક તો સામો માણસ નમે તો રાજી થાય જે કેવો નમાવ્યો છે ! પણ લૂગડાં લઈ લીધાં તેની ખબર ન પડે. જે હાર્યો તે જ ખાટ્યો.” આ માર્ગ એટલે નમવાનો માર્ગ, છોડી દેવાનો, ગળી જવાનો માર્ગ, આપણો આગ્રહ-મનધાર્યું છોડવાનો માર્ગ. આપણે પ્રબળ સંકલ્પ કરવો કે, મારે આ માર્ગ અપનાવવો છે. માફી માગવામાં પહેલ કરવી, હરીફાઈ થવી જોઈએ. જે આ માર્ગે ચાલે છે તે ખાટી જાય છે અને નથી ચાલતા તે દુઃખી થાય છે અને બીજાને પણ કરે છે.

દસ-બાર વર્ષ પહેલાં બે ભાઈઓને પરસ્પર આંટી પડી હતી. તેઓ સમાધાન માટે ગુરુદેવ પ.પૂ. બાપજી પાસે આવ્યા હતા. ગુરુદેવે સમજાવ્યું કે, “શું સાથે લઈ જવાનું છે ? છોડી દો. આમાં મહારાજનું, સંસ્થાનું, અમારું ખરાબ દેખાય.” વળી, ગુરુદેવ બાપજીએ કહ્યું, “જે પહેલાં નમી જાય, માફી માગે તેની ઉપર સો ગણો રાજીપો.” મોટા ભાઈ સરળ થઈ નાના ભાઈની માફી માગવા તૈયાર થયા; બાથમાં લઈ નાના ભાઈને મળવા તૈયાર થયા; ત્યારે નાના ભાઈ પાછા પડ્યા. ગુરુદેવ બાપજીએ આજ્ઞાના રૂપમાં નાના ભાઈને પગે લાગવા કહ્યું. ત્યારે ગુરુદેવ જેવા સમર્થ પુરુષ આગળ અહંકારના તૉરમાં આવી બોલી ગયા, “આ તો તમે કહો છો એટલે પગે લાગું છું. બાકી એની ઉપર થૂંકું પણ નહીં.” કહેનાર કોણ છે ? એ વિચાર ન રહ્યો. નિર્માની થવા, આંટી છોડવા, અભાવ-અવગુણથી રહિત થવા આ સત્સંગ છે. મોટાપુરુષનું સાંનિધ્ય છે. ત્યાં પણ અહંકારને જ પુષ્ટ કર્યો. પરિણામે તે ભાઈને પેરાલિસિસ થઈ ગયો. સરસપુર શારદાબેન હૉસ્પિટલમાં રિબાઈ રિબાઈને ધામમાં ગયા. જીતીને રાજી થયાનું ફળ મળ્યું.

જ્યારે હારીને રાજી થાય તે પર મહારાજ અને મોટાનો રાજીપો

થાય છે. તે માટે આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે કહ્યું છે,

"જે હાર પામે હરિભક્ત સાથ,
તેને રીઝે શ્રીહરિ સૌના નાથ."

તા. ૨૨-૨-૨૦૨૪ના રોજ કપડવંજ નિવાસી અનિલભાઈ પટેલે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને ઈ-મેઈલ દ્વારા હારીને રાજી થવાની વાત જણાવતાં લખ્યું હતું કે, મારા પિતા અને મોસાળમાં મામા વચ્ચે છેલ્લા ૩૦ વર્ષથી ઝઘડા ચાલતા હતા. સંબંધો કપાઈ ગયા હતા. મારાં મમ્મી ૩૦ વર્ષથી પિયર ગયાં ન હતાં. એક પરિવાર કોઈના ત્યાં પ્રસંગમાં આવવાનો હોય તો બીજો પરિવાર ત્યાં જવા તૈયાર ન થાય. કોઈ કોઈનું મોઢું જોવા પણ તૈયાર ન હતા. સમાજના મોટા મોટા આગેવાનો સુલેહ કરાવવામાં ફેઈલ ગયા હતા. ગઈ કાલે તા. ૨૧-૨-૨૦૨૪ના રોજ મને પૂજામાં વિચાર આવ્યો, 'ગુરુજીનો આ વર્ષનો હૅપી ફૅમિલિ કરવાનો સંકલ્પ છે તો નમી જવામાં, જતું કરી છોડી દઈ હારીને રાજી થવામાં મારે પહેલ કરવી છે. આવતી કાલે મામાની દીકરીનાં લગ્ન છે. તો તે પ્રસંગે સમાધાન કરી એક પરિવાર બનાવવો છે.' પૂજામાં મહારાજને ખૂબ પ્રાર્થના કરી. પછી પપ્પાને આ બાબતે વિગતે વાત કરતાં તેઓ સખત ગુસ્સે થઈ ગયા. ભૂતકાળની વાતોને પાછી તાજી કરી ધૂંઆપૂંઆ થઈ કહ્યું, "મારું માથું વાઢીને તમારે જવું હોય ત્યાં જાવ."

ફરી હું, મોટા ભાઈ ને મમ્મી ત્રણેય ભેગાં થઈને ગયાં. પપ્પાને ખૂબ સમજાવ્યા કે, આપણે ગુરુજીને રાજી કરવાના સંકલ્પમાં પહેલ કરીએ. અડધો કલાક રાજીપાની વાતો કરી. છેવટે પપ્પા પીગળ્યા અને મામાને સામે ચાલીને ફોન કરી કહ્યું, "નાથાલાલ, અમે કાલે લગ્નમાં સપરિવાર આવીએ છીએ." બીજા દિવસે મામાના ગામ પહોંચ્યા તો ત્રણેય મામા-મામી બધાં સ્વાગત કરવા તૈયાર ઊભાં હતાં. આખો પરિવાર એક થઈ ગયો. અનિલભાઈ અને એમના પિતા નમી ગયા. હારીને રાજી થયા. તો તેમને સુવર્ણ હાર મળ્યા તુલ્ય છે. મહારાજ તેમના પરિવાર ઉપર કેટલા રાજી થાય !

એટલે જ આગળ કહ્યું છે,

માતાપિતા કે ગુરુ સંત સંગે, જે માનવી વાદ વદે ઉમંગે;
તેનાથી જીત્યો જન એ જ હાર્યો, હારી છૂટ્યો એ જ જીત્યો જ ધારો.

જે હારીને રાજી થાય છે તેની જ જીત થાય છે. બીજું, સૌને થૅન્ક યૂ અને સૉરી કહેતા શીખવું અને જમાડતી વખતે ખાસ 'મીઠી વાણી, મૃદુ વાણી, છે રાજીપાની કમાણી' કીર્તન મૂકવું. ગુરુજીને રાજી કરવા એમણે વહાવેલા આ સંકલ્પો ને આગ્રહોને આપણા જીવનમાં લક્ષ્યાર્થ કરીએ.


ઘનશ્યામ

૧૦ માર્ચ-એપ્રિલ, ૨૦૨૫ ● વર્ષ : ૫૦ ● અંક : ૦૩-૦૪

પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ
મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ
માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)
મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ
તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી
સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ
સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ
લેખનકાર્ય : લેખકવૃંદ
આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુદેવ પ.પૂ. બાપજી)
પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)

**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૭ Visit : www.smvs.org I Email : magazine@in.smvs.org
કુલ પેજ : ૩૨ + ૪ ટાઈટલ = ૩૬


**અનુક્રમણિકા**


૦૩ દિવ્યવાણી
૦૬ પ્રાસ્તાવિક લેખ
૦૮ મારી મૂર્તિ રે...
૧૧ મુનિસ્વામી એટલે મુનિસ્વામી
૧૪ ગુરુએ કરાવી શિષ્યની ઓળખાણ
૧૭ સંત જાણજો મારી મૂર્તિ રે...
૨૦ હરિભક્ત : કેવળ બ્રહ્મની મૂર્તિ
૨૩ ગઢડું શહેર કે ઓસરી કાંઈ નથી...
૨૬ વાણી વાણી રે મીઠી વાણી...
૨૯ દિવ્યભાવના અનુપમ ઉદ્‌ઘોષક : ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી



સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.

**GHANSHYAM**
10 March-April, 2025 • Year : 50 • Edition : 03-04



**'GTPL-ભક્તિ' ચૅનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**

ભગવાન સ્વામિનારાયણની શુદ્ધ સ્વરૂપનિષ્ઠાના પ્રબોધક...

# ગુરુદેવ પ.પૂ.બાપજીના

# પ્રાગટ્ય દિને તેઓના

## દિવ્ય કલ્યાણકારી ગુણોની ગાથા...



શ્રીહરિની પરભાવી દિવ્ય દુનિયાની પરિકલ્પના.

*"બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન; મારે એક વાર્તા રે, સહુને સંભળાવ્યાનું છે મન.*
*મારી મૂરતિ રે, મારા લોક, ભોગ ને મુક્ત; સર્વે દિવ્ય છે રે, અહીં તો જોયાની છે જુક્ત."*


આજથી ૨૦૦ વર્ષ પૂર્વે શ્રીહરિએ ગઢપુરને વિષે સ્વમુખે પ્રસરાવ્યાં આંદોલનો દિવ્યભાવનાં. ઓરડાના ત્રીજા પદની સર્જના કરી ભૂમંડળને વિષે દિવ્યભાવની પરભાવી દુનિયાની પરિકલ્પના સહુ આગળ રજૂ કરી.

શ્રીહરિના સંકલ્પની સર્જનાને વર્તમાનકાળે સત્ય કરી સાકાર સ્વરૂપ આપી રહ્યા છે વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી. તેઓ શ્રીહરિના પરભાવી વચનોને યથાર્થ સમજાવી સંપ્રદાય વ્યાપી કરી જાગૃત કરી રહ્યા છે.

કારણ સત્સંગ એટલે નર્યો દિવ્યભાવનો, પરભાવી સત્સંગ. ઓરડાના પદમાં શ્રીહરિએ પોતાની મૂર્તિ, લોક, ભોગ ને મુક્ત સર્વેને દિવ્ય કહ્યા છે. પ્રથમ મહારાજે અવરભાવમાં દેખાતા પોતાના મનુષ્ય સ્વરૂપને વિષેથી માયિકભાવ ટળાવી દિવ્યભાવ પ્રસ્થાપિત કર્યો. વર્તમાનકાળે પ્રતિમા સ્વરૂપે પણ દિવ્ય જ છે.

મારા લોક એટલે સર્વે સત્સંગીમાત્ર – સૌ પૂ. સંતો અને હરિભક્તો. સૌ દિવ્ય અનાદિમુક્તો જ છે. કોઈ માયાના દેહધારી જીવ જેવા નથી જ.

મારા ભોગ એટલે મહારાજ ને મોટાપુરુષના સંબંધમાં આવેલ વસ્તુ, પદાર્થ, સ્થળ, સ્થાન સર્વેમાંથી માયાના ભાવ ટળીને



દિવ્ય થઈ જાય છે.

મારા મુક્ત એટલે મોટાપુરુષ. શ્રીહરિના સંકલ્પથી આ બ્રહ્માંડમાં દર્શન આપતા એવા અનાદિમુક્ત સત્પુરુષ. જેઓ રોમ રોમપણે મહારાજ સાથે જોડાયેલા છે. જેમાં માયાનો લેશમાત્ર નથી. સંપૂર્ણ સર્વાંગ દિવ્ય સ્વરૂપ જ છે.

શ્રીહરિના આવા પરભાવી સંકલ્પની પુષ્ટિ કરાવતાં ગુરુદેવ પ.પૂ. બાપજી કાયમ કહેતા,

"આ સભામાં આપણ સહુનાં, તેજોમય તન છે; છટા છૂટે છે તેજની, જાણે પ્રકટિયા કોટિ ઇંદુ છે."

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ જ્ઞાનસત્ર-૧૮માં શ્રીહરિના વચનોને જ સાકાર કરવાનો જયઘોષ કરતાં સૂર રેલાવ્યા કે,

"સર્વે દિવ્ય છે રે, અહીં તો જોયાની છે જુક્ત."

ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ માત્ર શ્રીહરિના આવા પરભાવી દિવ્યભાવના વચનોનું અર્થઘટન કરી વિશ્લેષણ નથી કર્યું; પરંતુ નિજવર્તનથી સમગ્ર સંપ્રદાયના સૌ સંતો-હરિભક્તોને દિવ્ય સમજવાની પ્રૅક્ટિકલ પ્રેરણા આપી છે. દીવાથી દીવો પ્રગટે પણ પ્રગટેલા દીવાથી હોં. ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી જેવા દિવ્યભાવના ઝળહળતા મહા દીપકથી માત્ર એસ.એમ.વી.એસ.નો પરિવાર જ નહિ, સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાય દિવ્યભાવથી ઝળહળી રહ્યો છે. તેમ છતાં આપણા જીવનમાં દિવ્યભાવથી ભરાવા, દિવ્યભાવના મહાસાગરમાંથી આચમન કરવા આ વિશેષાંકમાં પાંચ સ્વરૂપના તથા સ્નેહાળ વાણી પ્રયોગના કિંચિત્ પ્રસંગો વર્ણવ્યા છે. તે પ્રસંગોનું મનન કરી, સ્વનિરીક્ષણ કરી સ્વજીવનમાં રહેતી કસર-ગાફલાઈને ટાળી દિવ્યભાવની દુનિયામાં ડૂબીએ.



# મારી મૂર્તિ રે...

અનંતકોટિ બ્રહ્માંડનાં સર્વે સુખો જયાંથી વ્યાપી રહ્યાં છે એવા સુખસાગર ભગવાન સ્વામિનારાયણના સનાતન સ્વરૂપના પ્રગટ-પ્રત્યક્ષભાવનો, દિવ્યભાવનો, સર્વ કર્તા-હર્તાપણાનો જ્યારે યથાર્થ અનુભવ થાય ત્યારે અજબનો પ્રાપ્તિનો કેફ વર્તે છે. મસ્તીથી ઝૂમી ઊઠાય છે. પ્રતિમાને વિષેથી પ્રતિમાપણાનો, પરોક્ષપણાનો ભાવ ટળી જાય છે.

ગુરુદેવ પ.પૂ. બાપજી નિરંતર મૂર્તિમાં નિમગ્ન રહી સર્વોપરી શ્રીહરિના યથાર્થ સ્વરૂપને પ્રતિલોમપણે માણતાં માણતાં 'મુઝે કૌન મિલા હૈ !', 'મુઝે કૈસા કિયા હૈ !' મસ્તાઈથી ઉચ્ચારતા ત્યારે અનંતકોટિ બ્રહ્માંડને જાણે પરભાવી-દિવ્યભાવી દુનિયામાં ડુબાડી દેતા. ગુરુદેવ પ.પૂ. બાપજીનો શ્રીહરિ પ્રત્યેનો અનન્ય દિવ્યભાવ અનેકાનેક પ્રસંગોમાં સહેજે દર્શિત થતો.

### મહારાજના સ્વરૂપને વિષે દિવ્યભાવ

ગુરુદેવ પ.પૂ. બાપજીએ ત્યાગી-ગૃહી સંપ્રદાય આખાને શ્રીજીમહારાજના યથાર્થ સ્વરૂપની ઓળખાણ કરાવી દિવ્યભાવની દઢતા કરાવવાનું એક મિશન ચલાવ્યું હતું. તેમાં એક રંચમાત્ર પોલ રહેવા દીધી નથી. પેઢીઓથી સત્સંગ કરતા હોય તોય જ્યાં ત્યાં આંટા મારતા હોય, ટોકરા-ટોકરી ખખડાવતા હોય, 'મહારાજ તો ગયા'ના પરોક્ષભાવમાં રાચતા હોય તેમને ગુરુદેવ પ.પૂ. બાપજી ઘડી-બે ઘડીમાં બેસાડી, શ્રીહરિનો યથાર્થ મહિમા સમજાવી બધાંય સાલિયાણાં બંધ કરાવી મહારાજની સર્વોપરી નિષ્ઠા-દિવ્યભાવ દઢ કરાવી દેતા.

એક વાર એક કાર્ય સત્સંગના હરિભક્ત ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શને આવ્યા. પોતાની જૂની સમજણ પ્રમાણે શ્રીહરિનો મહિમા કહેતાં બોલ્યા, "શ્રીજીમહારાજ તો ૧૮૩૭માં ધર્મ-ભક્તિ થકી છપૈયામાં બ્રાહ્મણ કુળમાં જન્મ્યા. મોટા ભાઈ રામપ્રતાપ, નાના ભાઈ ઈચ્છારામ અને ઘનશ્યામ મહારાજ વચેટ. છપૈયા-અયોધ્યામાં બાળસખા જોડે લીલા કરી ૧૧ વર્ષે ગૃહત્યાગ કરી વનવિચરણ કર્યું. ગઢપુરમાં દાદાના દરબારમાં ૨૮ વર્ષ રહ્યા. સત્સંગ સ્થાપ્યો અને ૧૮૮૬માં પંચભૂતનો દેહ ત્યાગી સ્વધામ જતા રહ્યા."

ગુરુદેવ પ.પૂ. બાપજીએ તેમને ગઢડા પ્રથમના ૯મા વચનામૃત દ્વારા પ્રત્યક્ષપણે નિશ્ચય સમજાવ્યો. અમદાવાદના ૪થા વચનામૃત દ્વારા "શ્રીજીમહારાજ જન્મ ધરતે થકે પણ અજન્મા છે. દેહ મૂકતે થકે પણ અજર-અમર છે." તથા પંચાળાના ૭મા વચનામૃત દ્વારા 'મહારાજની મૂર્તિને વિષે સાકરના નાળિયેરની પેઠે કોઈ ત્યાગ ભાગ નથી' એવો દિવ્યભાવ સમજાવ્યો. સળંગ ૬ કલાક શ્રીહરિના સ્વરૂપની યથાર્થ ઓળખાણ કરાવી દિવ્યભાવની દઢતા કરાવી. આવા તો એક નહિ; હજારો હરિભક્તોને ગુરુદેવ પ.પૂ. બાપજીએ સ્વરૂપનિષ્ઠા દઢ કરાવી મહારાજને વિષે દિવ્યભાવની દઢતા કરાવી છે.

જરા સ્વનિરીક્ષણ કરીએ, આપણી સ્વરૂપનિષ્ઠા યથાર્થ છે ને ? મહારાજ તો ગયા એવો પરોક્ષભાવ તો રહેતો નથી ને ? મને કોઈ જોતું નથી, હું એકલો છું એવો નાસ્તિકભાવ તો આવી જતો નથી ને ? મહારાજ સિવાય અન્ય કોઈનો ભાર-પ્રતીતિ કે કર્તાપણું તો રહી જતું નથી ને ? ગુરુદેવના શિષ્ય તરીકે ગુરુદેવ જેવી જ સ્વરૂપનિષ્ઠા આપણા જીવનમાં દઢ કરીએ એ જ સાચું શિષ્યત્વ છે. મહારાજનો આવો યથાર્થ મહિમા સમજ્યા પછી સેવામાં પણ પળે પળે દિવ્યભાવ કેવો રાખવો તે પણ ગુરુદેવ પ.પૂ. બાપજી શીખવતા.

### ઠાકોરજીની સેવામાં દિવ્યભાવ

તા. ૨૮-૯-૨૦૧૮ ને ગુરુવારના રોજ વાસણા સંત આશ્રમના હૉલમાં સેવક સંત ગુરુદેવ પ.પૂ. બાપજીને વ્હિલચૅરમાં બિરાજમાન કરી પ્રદક્ષિણા કરાવી રહ્યા હતા. ચોમાસાનું વાદળછાયું વાતાવરણ હોવાથી સાંજે ૫:૪૫ વાગે પણ અંધારા જેવું હતું. ગુરુદેવે ઠાકોરજીના સિંહાસન તરફ નજર કરી પણ કંઈ બોલ્યા નહીં.

થોડી વારે ગુરુદેવે સેવક સંતને નિકટ બોલાવી પ્રેમથી મીઠી ટકોર કરતાં કહ્યું, "સ્વામી, મહારાજ તો આપણું જીવન છે. સમયે સમયે મહારાજની સેવાનો ખ્યાલ રાખવો. હું જોતો હતો કે ઠાકોરજીને અંધારું પડે છે તો તમને ઠાકોરજી યાદ આવે છે કે નહીં ? મહારાજ પ્રગટ-પ્રત્યક્ષ છે. એવા દિવ્યભાવે-અહોભાવે મહારાજની સેવા કરવી. મહારાજને સમયે સમયે જગાડવામાં, પોઢાડવામાં, જળ ધરાવવામાં, થાળ ધરાવવામાં, થાળની રસોઈ બનાવવામાં અહોભાવે સેવા કરવી. કોની સેવા છે ? તેવો વિચાર રાખવો."

ઠાકોરજીની સેવામાં લગારેક કસર જેવું જણાય તો ગુરુદેવ તરત પૂજારી સંત કે હરિભક્તને અવશ્ય ટકોર કરતા, ખટકો રખાવતા. જે ટકોર આપણા માટે જ છે. જરા સ્વ-નિરીક્ષણ કરીએ : મને ઠાકોરજીની સેવામાં અહોભાવ રહે છે ?

ગુરુદેવ માત્ર પૂજારી સંત-હરિભક્તને જ ઠાકોરજીની સેવામાં ટકોર કરતા એટલું નહિ; સમય આવે પોતે ગુરુપદે બિરાજતા હોવા છતાં સેવા કરવાનો મોકો ન જવા દેતા.

મોરબી વિચરણ દરમ્યાન ઠાકોરજીના થાળનું મોડું થઈ ગયું હતું તો સ્વયં પોતે ખીચડી મૂકી શાક સુધારવા લાગ્યા.

• • •

તા. ૨-૭-૨૦૧૮ ને સોમવારે સવારે ગુરુદેવ પ.પૂ. બાપજીની સેવામાં રહેલ સેવક સંતને સવારે પરવારવામાં મોડું થતાં અન્ય સંત ગુરુદેવ માટે અલ્પાહાર બનાવવા રસોડામાં ગયા. સવારે ૫:૧૫ થઈ ગયા હતા. ગુરુદેવ પ.પૂ. બાપજીના એ વખતના નિત્યક્રમ મુજબ ૫:૩૦ વાગે અલ્પાહાર ગ્રહણ કરતા. તેથી અન્ય સંત ઉતાવળે અલ્પાહાર બનાવવાની તૈયારી કરતા હતા. સેવક સંત રસોડાની બાજુના રૂમમાં પૂજા કરતા હતા. ગુરુદેવની નાદુરસ્ત તબિયતને ધ્યાનમાં રાખી અલ્પાહાર બનાવવાનો હતો તેની અન્ય સંતને ખબર ન હતી. તેથી સેવક સંતને ચાલુ પૂજાએ અંતરમાં દુઃખ થતું હતું કે બાપજીને અનુકૂળ આવે તેવું નહિ બને તો અસેવા થઈ જશે. ગુરુદેવ પરત્વેના અપાર સ્નેહે, સેવકભાવે તેઓ ન રહી શક્યા. ચાલુ પૂજાએ રસોડામાં જઈ અન્ય સંતને આ બાબતે સૂચના આપી પાછા આવી પૂજા કરવા લાગ્યા.

ગુરુદેવ પ.પૂ. બાપજીએ સેવક સંતને પૂજા પૂરી થતાં તુરત બોલાવ્યા અને કહ્યું, “સ્વામી, પૂજામાં મહારાજ પ્રગટ બિરાજે છે. પહેલાં મહારાજ; પછી અમારી સેવા. અમારી સેવા માટે થઈ કદી મહારાજને ગૌણ ન કરવા. પૂજામાં આહ્‌વાન મંત્ર બોલ્યા પછી ઊભા થઈએ તો મહારાજનો અપરાધ થઈ જાય. અમે અલ્પાહાર વગર ચલાવી લઈશું પણ આવું ન કરવું.” એમ મહારાજને વિષે પ્રગટભાવ રાખવાની રીત શીખવી.

પ્રતિમા સ્વરૂપે મહારાજ પ્રગટ જ છે. આપણી બધી સેવા સ્વીકારે છે — એવું બોલવા છતાં ક્યાંક આપણાથી વ્યક્તિગત પૂજામાં જ્યાં ત્યાં ડાફોળિયાં મારવામાં, ચાલુ પૂજાએ નાનાં-મોટાં કામ કરવામાં મહારાજનો અપરાધ તો થઈ જતો નથી ને ? તે ચકાસવું. વ્યક્તિગત પૂજામાં ખરેખર મહારાજ પ્રગટ બિરાજે જ છે એવો ભાવ રહે છે ? જો કસર રહેતી હોય તો ટાળીએ. એ જ રીતે ઘરમંદિરમાં બિરાજતા ઠાકોરજીની સેવા કરવાની થાય, ઘરમાં ક્યારેક ઠાકોરજીના થાળ બનાવવાના થાય તો તેમાં વેઠ તો ઊતરતી નથી ને ? રાજી થકા ઉત્સાહ-ઉમંગથી સેવા થાય તો છે ને ? જો ન થતી હોય તો આપણા દિવ્યભાવમાં કસર કહેવાય. દેશના વડાપ્રધાન આપણા ઘરે આવવાના હોય તો તેમની કેવી સરભરા થાય ? તેમને જમાડવામાં કેવો ભાવ રહે ? તો આ તો અનંતકોટિ બ્રહ્માંડના નાથ સ્વયં આપણી સેવા સ્વીકારે છે તો તો કેવો અહોભાવ વર્તવો જોઈએ ! કેવો વર્તે છે ? તે ચકાસી સુધારો કરીએ.

### મહારાજનું મુખ્યપણું

તા. ૨૫-૮-૨૦૧૮ ને શનિવારના રોજ મોરબીના હરિભક્તો ગુરુદેવનાં દર્શન કરવા વાસણા મંદિરે પધાર્યા હતા. તેઓ ઠાકોરજી માટે મગફળીનો કોથળો લાવ્યા હતા. જે સંત આશ્રમના હૉલમાં મૂક્યો હતો. સંધ્યા સમયે ગુરુદેવ પ.પૂ. બાપજી વ્હિલચૅરમાં પ્રદક્ષિણા કરી રહ્યા હતા. મગફળીના કોથળાની નજીક જઈ એક મગફળી ફોલી દાણા કાઢ્યા. સેવક સંતને પૂછ્યું, “આ સેવા કોણે કરી ?” “બાપજી, મોરબીના હરિભક્તો મહારાજ માટે લાવ્યા છે.” ગુરુદેવે હસ્તમાં રહેલા મગફળીના દાણા કોથળામાં પાછા નાખવા માંડ્યા ત્યારે સેવક સંતે ગુરુદેવના હસ્તના પ્રસાદીના દાણા લેવા માટે હાથ લંબાવ્યો અને કહ્યું, “બાપા, સેવકને પ્રસાદી આપો.” ગુરુદેવે રાજી થકા પ્રસાદી આપતાં કહ્યું, “લો, પણ ઠાકોરજીને ધરાવીને પછી જમજો.”

ગુરુદેવે માત્ર પૂ. સંતને મગફળીના દાણા ઠાકોરજીને ધરાવીને જમવાનું કહ્યું એટલું જ નહિ, પોતે જમાડવા બિરાજતા ત્યારે અચૂક પૂછતા, ‘ઠાકોરજીને થાળમાં ધરાવ્યું હતું ને ?’ મહારાજને ધરાવ્યા પછી જ ગ્રહણ કરતા. અરે જમાડવાનું તો ખરા... નવી વસ્તુ લાવ્યા હોય કે પછી દવા લેવાની હોય તોય મહારાજની પ્રસાદીની કરી પછી જ ગ્રહણ કરતા.

ગુરુદેવની મહારાજના મુખ્યપણાની રીતનાં દર્શન કરી નિજદર્શન કરીએ કે, મને કંઈ પણ જમાડતા પહેલાં, નવી વસ્તુ વાપરતા પહેલાં પ્રસાદીનું કરવાનું યાદ આવે છે ? મહારાજને ભૂલી તો જતા નથી ને ? મહારાજ દિવ્ય રૂપે સદાય સર્વત્ર આપણી સાથે પ્રગટ જ છે આવા દિવ્યભાવની અનુભૂતિ માટે આપણા જીવનની હરએક પળે, હરએક ક્ષણે મહારાજનું મુખ્યપણું રાખીએ એ જ ગુરુદેવની સ્મૃતિઓને વાગોળ્યાનું ફળ છે.

### વાચક નોંધ

વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીના પ્રાગટ્ય દિન ઉપક્રમે મળેલા દિવ્યપુરુષ માટે મહિમાસભર થવાય તથા તેઓમાં રહેલા અનંત કલ્યાણકારી ગુણોમાંથી અલ્પ ગુણોનું દર્શન થાય તે માટે માર્ચ-એપ્રિલ માસનો ઘનશ્યામ અંક સંયુક્ત વિશેષાંક રૂપે પ્રકાશિત થયેલ છે. જેથી એપ્રિલ માસનો અંક પ્રકાશિત થશે નહીં. હવેનો ઘનશ્યામ અંક મે માસમાં પ્રકાશિત થશે. જેની સર્વે વાચક મુક્તોએ નોંધ લેવી.



# મુનિસ્વામી એટલે મુનિસ્વામી

અધ્યાત્મ માર્ગે શ્રેષ્ઠ ગુરુની પ્રાપ્તિ મોક્ષનાં દ્વાર ખોલી નાખે છે. ગુરુ હોય પરંતુ ગુરુ પ્રત્યે દિવ્યભાવ ન હોય તો શિષ્ય માટે ગુરુ અને ગુરુનું સાંનિધ્ય વ્યર્થ છે. કારણ કે શિષ્ય જે કાંઈ સાધના કરે તેના ફળનો આધાર ગુરુ પ્રત્યેના દિવ્યભાવ પર છે. એ જ શિષ્યની સાધનામાં બરકત પૂરે છે.

દિવ્યભાવ એટલે ગુરુને વિષે દેવપણાની-દિવ્યપણાની બુદ્ધિ.

ગુરુ પ્રત્યે દિવ્યભાવ એ સર્વે સાધનમાં સર્વોત્તમ સાધન છે. કારણ કે તેમાં શિષ્યે પોતાની બુદ્ધિ બંધ કરીને વર્તવાનું હોય છે. દિવ્યભાવ જ શિષ્યને ગુરુ સાથે આત્મબુદ્ધિ કરાવે છે, ગુરુવચનમાં નિઃસંશય બનાવે છે, ગુરુ અનુજ્ઞાનું પાલન કરાવે છે, ગુરુના ચરિત્રમાં નિર્વિકલ્પ બનાવે છે, ગુરુરાજીપાના પાત્ર બનાવે છે.

આવો દિવ્યભાવ ગુરુદેવ પ.પૂ. બાપજીને સદ્. મુનિબાપા પ્રત્યે અહોનિશ વર્તતો !!

ગુરુદેવ અવારનવાર કહેતા, "સદ્. મુનિસ્વામી શ્રીજીમહારાજના સંકલ્પ સ્વરૂપ હતા એમ હું નિરુત્થાનપણે સમજું છું. કેમ જે સદ્. મુનિસ્વામી સંકલ્પ સ્વરૂપ હતા એવો મેં અનુભવ કરેલો. મહારાજે સ્વયં મને સદ્. મુનિસ્વામીના પરભાવનો-દિવ્યતાનો અનુભવ કરાવ્યો હતો. એટલે જ એમને વિષે મને અપ્રતિમ પ્રીતિ ને દિવ્યભાવ રહેતો અને આજે પણ છે."

"અનંતકોટિ બ્રહ્માંડો આવીને સદ્. મુનિસ્વામીને હાથ જોડીને પ્રાર્થના કરે કે, 'સ્વામી, અમારું પૂરું કરો.' તો એક સેકન્ડમાં આ દિવ્યપુરુષ અનંતને મૂર્તિના સુખમાં મૂકી દે."

એક વખત એક હરિભક્તે ગુરુદેવ પ.પૂ. બાપજીને પૂછ્યું કે, "આપને સદ્. મુનિસ્વામીનો કેવો મહિમા છે ?"

ત્યારે ગુરુદેવે કહ્યું કે, "હું આસને અને પૂજામાં બીજા સદ્ગુરુની એક એક મૂર્તિ રાખું છું પરંતુ સદ્. મુનિસ્વામીની બે મૂર્તિ રાખું છું એવો મને સ્વામીનો મહિમા છે." અર્થાત્ બાપાશ્રીએ વાતોમાં જણાવ્યા મુજબ 'સર્વેને મોટા સમજવા પરંતુ જેના થકી આપણને સુખ મળતું હોય તેમને અતિ મોટા સમજવા.' એ બાપાશ્રીનો અભિપ્રાય ગુરુદેવના જીવનમાં સ્પષ્ટ દર્શિત થતો.

ગુરુદેવ ઘણી વાર જણાવતા કે, "મહારાજે મને સદ્. મુનિસ્વામીને વિષે કદી મનુષ્યભાવનો સંકલ્પ ઊઠવા જ દીધો નથી. સ્વામીને નિરંતર દિવ્યભાવ અને નિર્દોષબુદ્ધિએ જ નિહાળ્યા છે. સ્વામીનું બોલવું, એમનું ચાલવું, એમનું જમાડવું, એમની વાતું કરવી, સાંભળવી આ બધી જ ક્રિયામાં મને બહુ સુખ આવતું.

એમાંય સ્વામીની ધોળી ધોળી દાઢીમાં મને વિશેષ દિવ્યતાનાં દર્શન થતાં. વળી સ્વામી જમાડતા હોય અને 'રોટલી' શબ્દનો ઉચ્ચાર 'રોઈટલી' બોલે ત્યારે તો બહુ સુખ આવતું. સ્વામી પોઢ્યા હોય ત્યારે પણ એમના સાંનિધ્યમાંથી મને દૂર જવાની ઇચ્છા જ ન થાય. બસ, દિવ્યભાવે દર્શન કર્યા જ કરું. સદ્. મુનિસ્વામી એટલે મુનિસ્વામી..."

જરા નિજદર્શન કરીએ...

વ્હાલા ગુરુદેવની જેમ આપણને પણ એવા જ સમર્થ ગુરુની ભેટ મળી છે. આપણને ગુરુદેવ પ.પૂ. બાપજી-ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને વિષે નિરંતર આવો દિવ્યભાવ અને નિર્દોષબુદ્ધિ વર્તે છે ? મોટાપુરુષની દરેક ક્રિયામાં દિવ્યતાનાં દર્શન કરી શકીએ છીએ ? શું આપણા ઘરના બેઠકરૂમમાં ગુરુદેવ-ગુરુજીની મૂર્તિ બિરાજમાન કરી છે જેથી વારંવાર એ દિવ્યપુરુષનાં દર્શન થાય ? જોગમાં આવનારને ગુરુદેવ-ગુરુજીના મહિમાથી ભરી શકીએ છીએ ? ગુરુદેવ-ગુરુજીનાં પ્રત્યક્ષ દર્શનની ત્વરા વર્તે છે ? જો હા, તો સમજવું આપણે એ દિવ્ય સ્વરૂપોના દિવ્યભાવથી રસતરબોળ છીએ અને ના, તો સમજવું કે 'પાની મેં મીન પ્યાસી હૈ.' અર્થાત્ મોટા મળ્યા છતાં ખાલી છીએ. હજુ આપણે એ દિવ્ય સ્વરૂપોને ઓળખી શક્યા નથી.

• • •

ગુરુદેવ પ.પૂ. બાપજીને સદ્. મુનિસ્વામી વિષે નિરંતર એવી દેવબુદ્ધિ વર્તતી કે સ્વામીના સંપૂર્ણ કર્તા સ્વયં મહારાજ છે. માટે એમનાં દર્શન એટલે મહારાજનાં દર્શન, એમનો રાજીપો એટલે મહારાજનો રાજીપો, એમનો સ્પર્શ એટલે મહારાજનો સ્પર્શ, એમના આશીર્વાદ એટલે મહારાજના આશીર્વાદ, એમના હસ્તની પ્રસાદી એટલે સ્વયં મહારાજના હસ્તની પ્રસાદી !!

એક વખત ગુરુદેવ પ.પૂ. બાપજી અમદાવાદથી કેરી લઈ સદ્. મુનિસ્વામીનાં દર્શને સાણંદ પધાર્યા હતા. ગુરુદેવ પ.પૂ. બાપજીને ચાતુર્માસનાં ચોખ્ખાં એકટાણાં ચાલતાં હતાં. પરંતુ સદ્. મુનિસ્વામી સાથે અતિશે દિવ્યભાવના નાતાથી જોડાયેલા ગુરુદેવ પ.પૂ.

બાપજીએ મનોમન સંકલ્પ કર્યો કે, 'જો સદ્. મુનિસ્વામી અંતર્યામીપણે મારો સંકલ્પ જાણી એમના સ્વહસ્તે પ્રસાદી આપે તો લઈ લેવાની ને જમી જવાની. એ દિવ્યપુરુષના હસ્તની પ્રસાદી મળે ક્યાંથી ?' આવો સંકલ્પ કરતાં કરતાં ગુરુદેવ સદ્. મુનિસ્વામીનાં દર્શને પહોંચ્યા.

ગુરુદેવ પ.પૂ. બાપજીએ સદ્. મુનિસ્વામીના ચરણોમાં કેરી અર્પણ કરી. એ વખતે બપોરના બે વાગ્યા હતા. તેમ છતાં, સદ્. મુનિસ્વામીએ કેરીને ધોઈ, જાતે સમારી, પડદા ખોલી મહારાજને કેરી ધરાવી અને તરત જ ખોબો ભરી કેરીની પ્રસાદી પોતાના વ્હાલસોયા શિષ્ય ગુરુદેવ પ.પૂ. બાપજીને આપી. ગુરુદેવને ચોખ્ખાં એકટાણાં હોવા છતાં નિઃસંશયપણે પ્રસાદી જમાડી.

આપણે સ્વનિરીક્ષણ કરીએ... વર્તમાનકાળે વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના સંપૂર્ણ કર્તા સ્વયં મહારાજ જ છે એવી આપણને દેવબુદ્ધિ વર્તે છે ? ગુરુજીના હસ્તની પ્રસાદી મળે કે કોઈ પણ આજ્ઞા અધ્ધર ઝીલવા મળે તો રાજી થવાય છે ? અહોભાવ જન્મે છે ? ગુરુજીનાં પ્રત્યક્ષ દર્શનની ઈચ્છા રહે છે ? ગુરુજીનાં દર્શને જઈએ ત્યારે ખાલી હાથે જવાય છે કે ગુરુચરણમાં કંઈક ભેટ અર્પણ કરવાની ભાવના રહે છે ?

• • •

એક વખત ગુરુદેવ પ.પૂ. બાપજી સદ્. મુનિબાપા સાથે પાટડી મંદિરે રાત્રે ચેષ્ટાનાં પદો બોલી રહ્યા હતા. ત્યારે કેટલાક સંતો મનમાં મનમાં ચેષ્ટા બોલતા હતા. ગુરુદેવ તો ઉચ્ચ સ્વરે ચેષ્ટા બોલી રહ્યા હતા. છતાં સદ્. મુનિબાપાએ ગુરુદેવ સામે નજર કરી હાકોટો મારી કહ્યું, "જરા મોટેથી બોલો ને !" છતાં ગુરુદેવે કહ્યું, "ભલે બાપા."

આહાહા... દિવ્ય ચરિત્રમાં તો દિવ્યભાવ રહે પરંતુ પ્રાકૃત ચરિત્રમાં દિવ્યભાવ વર્તે તે ખરું શિષ્યત્વ !! જરા વિચારીએ, આપણને મળેલા સત્પુરુષ વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી આપણને આપણી ભૂલ બતાવી શકે છે ? એકાંતમાં કે જાહેરમાં રોકટોક કરી શકે છે ? ગુરુજી ભૂલ બતાવે તો અંતરથી રાજી થવાય છે ?

જો ગુરુજી આપણી કસર બતાવે અને મોંના ભાવ ફરી જતા હોય, આંતરતંત્રમાં ચહલ-પહલ મચી જતી હોય, મનુષ્યભાવના સંકલ્પોના રવાડે ચડી જવાતું હોય, મોટાથી છેટા થવાનું મન થતું હોય તો સમજવું આપણે ગુરુ કર્યા છે, સત્પુરુષ છે એવું બોલીએ છીએ પરંતુ માંહીથી એમનો મોટાપુરુષ તરીકેનો સ્વીકાર નથી થયો. એમના પરભાવી સ્વરૂપને પિછાની નથી શક્યા.

વ્હાલા ગુરુદેવે જેમ સદ્. મુનિસ્વામીને દિવ્યભાવે સેવી રાજી કર્યા તેમ આપણે પણ વ્હાલા ગુરુદેવને રાજી કરવા વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને વિષે દિવ્યભાવ કેળવી તેમનાં દર્શન-સ્પર્શ, સેવા-સમાગમના આગ્રહી બનીએ. ગુરુજીના મહિમાકારે થઈએ ને જોગમાં આવનારને કરીએ એ જ ગુરુદેવના મહાત્મ્યની ફલશ્રુતિ છે.


## સંસ્થા ગૌરવ

### ગિરીશભાઈ અંબાલાલ પ્રજાપતિ – વડોદરા




વડોદરા સેન્ટરના ગિરીશભાઈ પ્રજાપતિને તા. ૨૫-૧-૨૦૨૫ના રોજ રાષ્ટ્રીય મતદાતા દિન નિમિત્તે ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગત લોકસભા તેમજ વિધાનસભા ચૂંટણીમાં બૂથ લેવલ ઑફિસર તરીકે શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ રાજ્યપાલના હસ્તે મેમેન્ટો અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. મહાપ્રભુના ચરણે એ જ પ્રાર્થના કે તેઓ ભવિષ્યમાં આ જ રીતે તેઓની કારકિર્દીમાં યશકલગી ઉમેરતા રહે.

### અંશ વિક્રાંતભાઈ પટેલ – ખંભાત



વિશ્વ વિદ્યાલય યુનિવર્સિટી નવી દિલ્હી ખાતે તા. ૧૪ અને ૧૫ ડિસેમ્બરના રોજ નૅશનલ અને ઈન્ટરનૅશનલ કેમ્પિંગ અંતર્ગત અબાકસ તેમજ માનસિક અંક ગણિતની UCMAS પ્રતિયોગિતા-૨૦૨૪માં ૩૦ દેશના ૬૦૦૦થી વધુ બાળકોએ ભાગ લીધેલ હતો. જેમાં આઠ મિનિટમાં ૨૦૦ દાખલા ગણી ખંભાત સત્સંગ મંડળના બાળમુક્ત અંશ પટેલે ઈન્ટરનૅશનલ લેવલે A2 કેટેગરીમાં થર્ડ રનરઅપ વિજેતા બની ટ્રૉફી પ્રાપ્ત કરી સંસ્થાનું, દેશનું તથા સમાજનું ગૌરવ વધારેલ છે. મહાપ્રભુના ચરણે એ પ્રાર્થના કે તેઓ તેમની કારકિર્દીમાં વધુ ને વધુ સફળતાનાં ઉચ્ચ શિખરો સર કરતા રહે.



# ગુરુએ કરાવી શિષ્યની ઓળખાણ

‘મોટા જ મોટાને ઓળખે, મોટા જ મોટાનો યથાર્થ મહિમા સમજી શકે અને વર્ણવી શકે.’ એ ન્યાયે સદ્. નિર્ગુણબાપા અબજીબાપાશ્રીનો મહિમા સમજતા અને સમજાવતા. એ જ રીતે ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી વચ્ચે અવરભાવની દૃષ્ટિએ ગુરુ-શિષ્યનો નાતો હોવા છતાંય ગુરુદેવ પ.પૂ. બાપજીની દિવ્ય રીત કેવી ! તેઓ કાયમ કહેતા, ‘અમારી બંનેની ભાગીદારી પેઢી ચાલે છે.’

મોભનાં પાણી તો નેવે જ આવે પણ નેવાનાં પાણી મોભે ન ચડે. એમ શિષ્ય તો ગુરુને વિષે દિવ્યભાવ સમજી ગુરુમહિમાકારે રહે અને સૌને કરે પરંતુ અહીં તો અદ્યપિ પર્યંત ગુરુદેવ પ.પૂ. બાપજીએ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને વિષે દિવ્યભાવની દૃઢતાનાં દર્શન કરાવ્યાં; એટલું જ નહિ, સમગ્ર સમાજને ગુરુજીને વિષે દિવ્યભાવની દૃઢતા કરાવવા ગુરુદેવ પ.પૂ. બાપજીએ જેટલું મહિમાગાન કર્યું છે એટલું મહિમાગાન કદાચિત્ અદ્યાપિ કોઈ કરી શક્યું નથી.

પૂર્વે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને સર્વે સંતો-ભક્તો ‘પૂ. સત્સ્વામી’ તરીકે જ સંબોધતા. આ વાતની જાણ ગુરુદેવ પ.પૂ. બાપજીને પણ હતી. તેઓશ્રી સમયની રાહ જોતા હતા. એક વખત ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી શીલજ સાત-દિવસીય બાળ-યુવક શિબિરમાં લાભ આપવા પધાર્યા. ત્રીજા દિવસે ગુરુદેવ પ.પૂ. બાપજી પણ શિબિરમાં પધાર્યા. ચાલુ સભામાં વચ્ચે જ ગુરુદેવ પ.પૂ. બાપજીએ તમામ પૂ. સંતો તથા સંચાલકોને સંબોધીને કહ્યું, “સંતો-હરિભક્તો, આ ‘સત્સ્વામી’ને હવે ‘સત્સ્વામી’ ન કહો, એ બીજા સાધુ જેવા સાધુ નથી. એમને વિષે મનુષ્યભાવ ન પરઠો. એ તો મહારાજના ધામમાંથી આવેલા દિવ્યપુરુષ છે, માટે હવેથી તેઓને ‘પૂ. સ્વામીશ્રી’ કહીને સંબોધો. સંતો, તમે બધા તેઓને ‘પૂ. સ્વામીશ્રી’ કહેવાનું શરૂ કરો, તમારું જોઈ હરિભક્તો શીખશે. હવે પૂ. સ્વામીશ્રીની મર્યાદા રાખો.”

અહોઆશ્ચર્ય !! ગુરુદેવ પ.પૂ. બાપજી દિવ્યતાની ચરમકક્ષા પર બિરાજતું સ્વરૂપ હતા કે જેમને પોતાના શિષ્યની ગરિમા વધારવામાં સહેજ પણ સંકોચ કે સંદેહ તો ન હતો બલ્કે સ્વયં કરતાં શિષ્યનો મહિમા ગાવા તથા ગરિમા વધારવા અતિ ઉત્સુક હતા. સામા પક્ષે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પણ આજીવન પર્યંત ગુરુદેવ પ.પૂ. બાપજી સમક્ષ હંમેશાં ન્યૂનભાવે-દાસભાવે જ વર્ત્યા છે. જરા થોભીએ... આ પ્રસંગને સ્વજીવન સાથે સરખાવીએ. શું હું પોતાથી નાના નહિ પણ પોતાથી ઉંમરમાં, ગુણોમાં કે પદવીમાં મોટા હોય તેમનો માન, મર્યાદા, મોભો જાળવી શકું છું ? તેમને વિષે પણ દિવ્યભાવની યથાર્થ દૃઢતા રાખી શકું છું ? જ્યારે ગુરુદેવ પ.પૂ. બાપજી ગુરુજીની ગરિમા, ગુરુજીને વિષે દિવ્યભાવની દૃઢતા કરાવવા આતુર હોય ત્યારે ગુરુજીને વિષે તો આપણે દિવ્યભાવ અને આત્મબુદ્ધિ કેળવવાની જ હોય પરંતુ આપણી સાથે રહેનારા સંતો-ભક્તોની માન-મર્યાદા પણ કેમ ન જાળવી શકીએ ? જો આમ વર્તીશું તો જ આપણા ગુરુદેવ પ.પૂ. બાપજી રાજી થશે.

• • •

પ્રસંગોપાત્ત અવારનવાર ગુરુદેવ પ.પૂ. બાપજી ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના મહાત્મ્યની વાત સંતો-ભક્તોને ખૂબ કરતા. એક વખત ગુરુદેવ પ.પૂ. બાપજી વાસણા ભોંયરામાં પોતાના આસને પ્રાતઃ સભામાં સંતો-હરિભક્તોને લાભ આપી રહ્યા હતા. તે વખતે સભામાં કંઈક જુદા વિષય પર ગુરુદેવ પ.પૂ. બાપજી લાભ આપી રહ્યા હતા પણ અચાનક ગુરુદેવ પ.પૂ. બાપજી ડોલતા થકા, આનંદિત થકા બોલી ઊઠ્યા, “આજ સુધી સંપ્રદાયમાં ૩૦૦૦ સદ્ગુરુ સંતો આવી ગયા પણ સ્વામીએ (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ) તો રેકર્ડ તોડી છે. જાણે મહારાજે સ્વામીને સ્પેશ્યલ કોર્સ માટે મોકલ્યા ન હોય !”

જરા વિચારીએ, આપણે જેમના સહવાસમાં વધુ રહીએ છીએ તેવા ઘરના સભ્યો તથા સંતો-હરિભક્તોના મહિમાની તથા દિવ્યભાવની વાત કોઈની આગળ ખુલ્લા દિલે કહી શકીએ છીએ ? કોઈના મહિમા અને ગુણાનુવાદને સહજતાથી અન્ય આગળ ગાઈ શકીએ છીએ ? જો ‘હા’માં ઉત્તર આવે તો સમજવું આપણે ગુરુદેવ પ.પૂ. બાપજીના શિષ્યત્વને પાત્ર છીએ, લાયક છીએ અને ‘ના’માં ઉત્તર આવે તો ગુરુદેવ પ.પૂ. બાપજીની દિવ્ય રીતમાંથી આપણે પણ સૌનો દિવ્યભાવ-મહિમા સમજી ગુણાનુવાદ કરતા થઈએ.

• • •

તા. ૨૫-૫-૨૦૧૮ ને શુક્રવારે એકાદશી હતી. એ દિવસે સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી સંકલ્પ સભામાં ‘રોકટોક’ વિષય પર લાભ આપી રહ્યા હતા. તે વખતે વાસણા ખાતે પૂ. સંતો તથા હરિભક્તો સ્ક્રીન પર ઑનલાઈન સંકલ્પ સભાનો લાભ લઈ રહ્યા હતા. ગુરુદેવ પ.પૂ. બાપજી પણ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની સભા સાંભળવાની રુચિ જણાવતા હતા. પરંતુ તેઓ અવરભાવમાં મંદવાડ લીલાનાં દર્શન કરાવતા હોવાથી પોતાના આસને

**૩૦૦૦ સદ્ગુરુ સંતો આવી ગયા પણ સ્વામીએ તો રેકર્ડ તોડી છે.**

બિરાજેલા. સંકલ્પ સભા પૂર્ણ થઈ એટલે વાસણાના પૂ. સંતો ગુરુદેવ પ.પૂ. બાપજીના આસને દર્શન કરવા ગયા.

તરત ગુરુદેવ પ.પૂ. બાપજીએ પૂ. સંતોને પૂછ્યું, "સ્વામીએ આજે શું લાભ આપ્યો ? અમને કહો ને." પૂ. સંતો ગુરુજીએ સભામાં જે લાભ આપ્યો તેની વિગતે વાત કરતા હતા. તે વખતે ગુરુદેવ પ.પૂ. બાપજી અતિ રાજી થકા, ઉત્સુકતાથી સાંભળતા હતા. પછી થોડી વારે બોલ્યા,

"સ્વામી તો મૂર્તિમાંથી આવેલા છે માટે એની વાતો આવી પરભાવની જ હોય ને !"



ગુરુદેવ પ.પૂ. બાપજી સ્વયં કથાવાર્તાના અતિ આગ્રહી, નિશાન તાકીને કથાવાર્તા કરવાની આદર્શ રીતનાં દર્શન કરાવતા છતાં ગુરુજીને વિષે કેટલો પરભાવીય મહિમા દૃઢ હતો કે ગુરુજીની કથાવાર્તા સાંભળવાનો આગ્રહ તથા તેમની કથાવાર્તાની દિવ્ય રીતને બિરદાવવાની એક તક ન છોડતા. જરા સ્વયંને પ્રશ્ન પૂછીએ... આપણે જે બાબતમાં સિદ્ધતા પ્રાપ્ત કરી હોય, જેમાં વધુ ફાવટ હોય તેવા ગુણો કે તેવી બાબતો અન્યમાં જોઈએ તો ગુરુદેવ પ.પૂ. બાપજીની જેમ સહજતાથી તે બાબતનો ગુણ ગ્રહણ કરી શકીએ ખરા ? આપણે તેના ગુણ ગાઈ શકીએ ખરા ? આપણે તો આપણા જ ગુણો જોઈ એટલા ગુમાનમાં ફરતા હોઈએ કે અન્યના ગુણો, પદ્ધતિ કે રીત-રસમ વધુ સારા હોય તોપણ તેમને બિરદાવી ન શકીએ. કારણ, આપણું દેહાભિમાન અને સામે દિવ્યદૃષ્ટિનો અભાવ. ગુરુદેવ પ.પૂ. બાપજીના આ દિવ્ય પ્રસંગ પરથી આપણે અન્યના સારા ગુણ, સારી રીત-રસમને અપનાવતા થઈએ તથા બિરદાવતા થઈએ.

•••

તા. ૧૨-૭-૨૦૧૮ ને ગુરુવારના રોજ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી વિદેશ વિચરણ પૂર્ણ કરી એરપોર્ટથી સીધા વાસણા ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શન કરવા પધારવાના હતા. જે વાત પૂ. સંતોએ ગુરુદેવ પ.પૂ. બાપજીને કરી હતી. ગુરુદેવ પ.પૂ. બાપજી પણ ગુરુજીની આતુરતાપૂર્વક રાહ જોતા હતા. વારંવાર પૂછતા હતા કે, "સ્વામી ક્યારે આવવાના છે ?" સંજોગવશાત્ વિમાન ઉતરાણ (ફ્લાઈટ લૅન્ડિંગ) થોડું મોડું થયું. પૂ. સંતોએ ગુરુદેવને ખૂબ પ્રાર્થના કરી પોઢાડ્યા. વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી વાસણા મોડી રાત્રે પધાર્યા.

તા. ૧૩-૭-૨૦૧૮ના રોજ ગુરુદેવ પ.પૂ. બાપજી સવારે ૪ વાગ્યે જાગી ગયા અને તરત સેવક સંતને પૂછ્યું, "સ્વામી પધારી ગયા ? ક્યાં છે ?" સેવક સંતે કહ્યું, "હા દયાળુ, આવી ગયા છે, હમણાં બોલાવી લાવું." ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પણ ગુરુદેવનાં દર્શન કરવા અતિ આતુર હતા તેથી ગુરુદેવ પરવાર્યા કે તુરત દર્શન કરવા પધાર્યા. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શન કરવા પધાર્યા તે પૂર્વે ગુરુદેવ પ.પૂ. બાપજીએ ઓછામાં ઓછું ૫૦ વખત ગુરુજીને યાદ કર્યા હતા. ગુરુજી પધાર્યા કે તરત ગુરુદેવ પ.પૂ. બાપજીએ ગુરુજીને ઠાકોરજી જમાડવાનું પૂછી તેઓની સંભાળ લીધી.

જરા સ્વયં સાથે વાર્તાલાપ કરીએ કે મને મારી જોડે રહેનારા મુક્તો સાથે દિવ્યભાવ સોતી પ્રીતિ છે કે સ્વાર્થ ભરેલી અવરભાવની પ્રીતિ ? શું કોઈ સ્વાર્થ વગર સૌની સમાનભાવે સંભાળ લઈ શકું છું ? સૌની અવરભાવની ચિંતા કરું છું ? સૌના જમવાનો, પોઢવાનો કે સેવાકીય બાબતોનો ખ્યાલ રાખું છું ?

ગુરુદેવ પ.પૂ. બાપજીની દિવ્યતાના આવા દિવ્ય પ્રસંગોને વાંચી, સાંભળીને અહોભાવમાં ગરકાવ થવું તે બરાબર છે પરંતુ તેમના દિવ્યજીવનને નિહાળી તે રીતને અનુતાપ-પશ્ચાત્તાપ તથા સ્વયં સાથે સરખાવી, રહેલી કસરોને દૂર કરી સ્વજીવનમાં ચરિતાર્થ કરીએ એ જ ગુરુદેવ પ.પૂ. બાપજી જેવા દિવ્યભાવના મહારથી થવાનો એકમાત્ર ઉપાય છે.



# સંત જાણજો મારી મૂર્તિ રે...

ગુરુમાં દિવ્યભાવ કેળવવો એ શિષ્યને દિવ્ય થવાની એકમાત્ર રાજાચાવી છે. પરંતુ દિવ્યત્વના મહાસાગર સમા ગુરુ પોતાના શિષ્યગણ પ્રત્યે પૂજ્યભાવ અને દિવ્યભાવ દર્શાવે એ ગુરુ ગુરુ નહિ બલ્કે સત્પુરુષ છે, સિદ્ધપુરુષ છે.

આપણા સૌના આદ્ય ગુરુ ગુરુદેવ પ.પૂ. બાપજીમાં સિદ્ધત્વની આ અર્થ વિભાવના તાદૃશ જોવા મળતી. ગુરુદેવ પ્રથમથી જ એસ.એમ.વી.એસ. સંસ્થાના આદ્ય ગુરુ છે. છતાં પ્રથમથી જ સંતો પ્રત્યે નર્યો દિવ્યભાવ અને પૂજ્યભાવ દાખવ્યો છે !!

એ પણ સાવ સહજતાથી !!

ગુરુદેવ કહેતા, "સાચા સંતમાં મહારાજ બિરાજમાન હોય."

સંપ્રદાયના કોઈ પણ સંસ્થાના નાના-મોટા સંતને મળવાનું થાય તો ગુરુદેવ અચૂક તેઓને દંડવત કરતા, ચરણસ્પર્શ કરી જય સ્વામિનારાયણ કહી સંત પદવીની ગરિમા જાળવતા અને જળવાવતા. ગુરુદેવની આ રીતનાં દર્શન ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીથી માંડી એસ.એમ.વી.એસ. સંસ્થાના તમામ સંતોમાં આજે પણ થાય છે.

એથી આગળ પોતાના જ શિષ્ય સંતોની દાસભાવે સેવા કરવાની ઇચ્છા સેવવી, હાથ જોડી માફી માગી, 'દયાળુ રાજી રહેજો' કહેવું, દીન વચને રાજી કરવા, તેમની નાની-મોટી ભૂલોને ભૂલી જઈ ગોદમાં સમાવી સ્નેહથી ભીંજવી દેવા, તેમના અવગુણો, ક્ષતિ-ત્રુટિને લક્ષ્યમાં ન લેતાં તેમના ગુણોનું જ ગાન કરવું એ ગુરુદેવ પ.પૂ. બાપજીના દિવ્યત્વની સર્વોચ્ચ કક્ષા હતી.

તેઓ આ બધું કરી શકતા તે પાછળનું કારણ તે સ્વરૂપ જ દિવ્ય છે. તેમનું જોવું, બોલવું, પોઢવું, વર્તવું વગેરે દિવ્ય જ હોય ને ! આ સંદર્ભે બાપાશ્રીની ભાગ-૨ની ૩૪મી વાત યાદ આવે છે, "મોટા મુક્ત તો સર્વેને દિવ્ય જ દેખે છે."

ગુરુદેવ ઘણી વાર સંતોને સભાપ્રસંગે કહેતા, "અમને બધા સંતો તેજના સમૂહમાં જ દેખાય છે."

એક વાર તો એક સંતને સભામાં ન જોતાં ગુરુદેવે યાદ કર્યા. એટલામાં તે સંતને સામેથી ચાલ્યા આવતા જોયા અને ગુરુદેવે જોડે બેઠેલા સંતને કહ્યું, "જુઓ, પેલા સ્વામીમાંથી કેવું તેજ છૂટે છે !"

ઘણી વાર ગુરુદેવ બોલતા કે, "આ તો અનાદિમુક્તોની સભા છે, પરભાવની સભા છે."

એટલે જ ગુરુદેવને સંતોની સેવાનો સહેજે આગ્રહ રહેતો. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી આ અનુસંધાનમાં અવારનવાર સભાપ્રસંગે એક પ્રસંગની સ્મૃતિ તાજી કરાવે છે. જેને ગુરુજીના શબ્દોમાં માણીએ.

તા. ૧૮ ડિસેમ્બર, ૧૯૮૦ના દિવસે સાંજના ૪ વાગે સેવક (ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી) અને પૂ. ભક્તસ્વામીને મહારાજે દીક્ષા આપી. બીજા દિવસે અમે ઊઠીએ તે પહેલાં ગુરુદેવ સવારે વહેલા સાડા ત્રણ-ચાર વાગે ઊઠી ગયા અને અમારા માટે દાળ, ભાત, શાક, પૂરી ને લાડુની રસોઈ બનાવી દીધી. અમે મંગળા આરતી બાદ રસોડામાં પ્રવેશ્યા ત્યાં તો ગુરુદેવ અમારી સામે પાણીની તુંબડી લઈ ઊભેલા, "લ્યો સંતો, જળ ધરાવી લ્યો." અમે તો ખૂબ સંકોચ અનુભવવા લાગ્યા કે ગુરુ અમને જળ પાય !! એટલેથી ન અટક્યું. અમારો સંકોચ દૂર કરવા ગુરુદેવે આગળ કહ્યું, "સંતો, ચિંતા ન કરશો. જળ ધરાવો પછી પત્તર લઈ લ્યો. તમે કાલના ઉપવાસી છો. થોડું જમાડી લો." કહેતાં તો ગુરુદેવે પત્તર મૂકી પીરસવાનું શરૂ કરી દીધું. સેવક અને પૂ. ભક્તસ્વામી તો ગળગળા થઈ ગયા. આંખો ભીની થઈ ગઈ, "બાપજી, આજ સુધી તો અમારી પાસે લાઇસન્સ નહોતું કે આપને થાળ કરી જમાડી શકીએ. હવે તો દીક્ષા લઈ લીધી છે. માટે હવે અમારે આપને જમાડવાના હોય. આજ સુધી તો આપે અમને થાળ કરી જમાડ્યા અને આજે પણ..." અમે વાક્ય પૂરું કરીએ તે પહેલાં જ બાપજી બોલ્યા, "સંતો, મને ખબર છે હવે થાળની સેવા, તમને જમાડવાની સેવા તમે મને નહિ કરવા દો. પણ તમે મહારાજના મુક્તો છો તમને જમાડવાનો લાભ મળે જ ક્યાંથી ! એટલે આજે સેવકે સેવાનો લાભ લેવા વહેલા ઊઠી પાકો થાળ બનાવી દીધો. પણ સંતો ચિંતા ન કરશો. સુખે જમાડો. સંતો, તમે જમો ભેળા મહારાજ જમે !!"

નવદીક્ષિત સંતોને દીક્ષા લીધે હજુ ચોવીસ કલાક પૂરા નહોતા થયા છતાં કેવી દિવ્યદૃષ્ટિ !! 'તમે જમો ભેળા મહારાજ જમે !!'

જરા વિચાર કરીએ, આપણાથી ઉંમરમાં નાના જણાતા સંતોની સેવા આવા દિવ્યભાવે થાય છે ? કે મોટાપણાનું ભાન રહી જાય છે ? જો હજુ અમે મોટા, જૂના, અનુભવી આવો ભાર રહેતો હોય તો એ જ આપણી દેહદૃષ્ટિ છે અને દિવ્યદૃષ્ટિનો અભાવ છે. એ જ રીતે સંતો જમે તે ભેળા મહારાજ જમે એ વિચારે સંતોને જમાડવાની (રસોઈની) સેવાનો લાભ લઈ શકીએ છીએ કે લોભ આડો આવે છે ? જો સત્સંગમાં આવ્યા પછી હજુય સંતોને જમાડવાની સેવાનો લાભ ન લેતા હોઈએ તો મહિમાની ઘણી કસર કહેવાય. મમત્વભાવની ઘણી કસર કહેવાય.

• • •

તા. ૨-૯-૨૦૧૮ ને શનિવારનો દિવસ હતો. ગુરુદેવ મધ્યાહ્ન ભોજન લઈ રહ્યા હતા. એ સમયે એક વડીલ સેવક સંત પાટના ટેકે બેઠા થકા ગુરુદેવનાં દૂરથી દર્શન કરી રહ્યા હતા. ગુરુદેવનું ધ્યાન એ તરફ ખેંચાયું. ગુરુદેવને ખ્યાલ હતો કે આ સ્વામીને ચરણનો દુખાવો



રહે છે એટલે તરત જ કહ્યું, "સ્વામી, તમારે કાયમ ખુરશીમાં બેસવું. ખુરશીમાં બેસો ને !" સેવક સંતને ગુરુદેવની હાજરીમાં ખુરશીમાં બેસતાં સંકોચ અનુભવાતો હોઈ ચાલશેની ભાવના દાખવી. પરંતુ લાગણીથી ભરપૂર ગુરુદેવનું હૈયું રહી ન શક્યું એટલે ફરી બોલ્યા, "સ્વામી, આપને ચરણમાં તકલીફ છે. જો તમે ખુરશી પર નહિ બેસો તો હું ઊભો થઈ આપને ખુરશી લાવી આપીશ." આટલું સાંભળતાં પીરસવા આવેલ સેવક સંતે કહ્યું, "બાપજી, આપ ?" ગુરુદેવે કહ્યું, "હા સ્વામી, એમાં શું ? સંતોની સેવા મળે ક્યાંથી !!!"

ગુરુદેવનો મહાત્મ્યસભર ટૂંકો ને ટચ જવાબ સેવક સંતના હૃદયને સ્પર્શી ગયો. અને હૃદયથી તેઓ ગુરુદેવને વંદી રહ્યા.

હવે વિચારીએ, શું આપણે સેન્ટરમાં બીમાર કે તકલીફવાળા પૂ. સંતોની કોઈ પણ સેવા મહિમાસભર થઈ કરીએ છીએ ? શું આપણે ગુરુદેવની જેમ સંતો સાથે દિવ્યભાવ સોતી લાગણીના નાતાથી જોડાયા છીએ ? શું આપણે ગુરુદેવની જેમ સંતોના સ્થાને બેસી સંતોની તકલીફને સમજી શકીએ છીએ ? જો આ પ્રમાણે ન કરી શકતા હોઈએ તો સમજવું હજુ દેહ ને દેહના સંબંધી સાથે જેવી પ્રીતિ છે તેવી મહારાજના અને ગુરુદેવ-ગુરુજીના સંબંધવાળા પૂ. સંતોમાં પ્રીતિ થઈ નથી.

• • •

એક વખત વાસણાથી ગુરુદેવ પ.પૂ. બાપજીની ગાડી સ્વામિનારાયણ ધામ પ્રાતઃ સભામાં આવવા નીકળી. રસ્તામાં ખબર પડી કે સેવક સંત હરિકૃષ્ણ મહારાજને ભૂલી ગયા છે. આથી સેવક સંતે ગાડી ધીમી ચલાવવા કહ્યું અને બીજી ગાડીમાં વાસણાથી હરિકૃષ્ણ મહારાજને અડધે સુધી આપી જવા જણાવ્યું. ગુરુદેવને આ વાતની જાણ નહોતી આથી પૂછ્યું, "કેમ ગાડી આટલી ધીમી ચલાવો છો ? મોડું થશે." એટલે સેવક સંતે નિષ્કપટ થઈ માફી માગી, "બાપજી, રાજી રહેજો. પણ હરિકૃષ્ણ મહારાજને લેવા ભૂલી ગયો છું." ગુરુદેવે નારાજ થઈ જરા ઠપકો આપ્યો કે, "તમે ગાડીમાં બેસવાનું કેમ ભૂલી ન ગયા !! મહારાજ તો આપણું જીવન છે !!" હરિકૃષ્ણ મહારાજ આવી ગયા પછી ગુરુદેવે રમૂજ કરતાં સેવક સંતને કહ્યું, "સ્વામી, રાજી રહેજો હોં. આમાં તમારો વાંક નથી. વાંક તો મહારાજનો છે. તમારે ઘણી સેવા હોય ! તો એકાદ દિવસ એમણે સામેથી ગાડીમાં બેસી જવું જોઈએ ને ! પણ એમને કોણ કે' ?" કહી વાતાવરણ ખૂબ હળવું કરી નાખ્યું ને આખા રસ્તે ગાડીમાં બધાને ખૂબ હસાવ્યા. સેવક સંતની ફરી ફરીને માફી માગી કે, "સ્વામી, રાજી રહેજો. હું તમને વઢ્યો."

શું સમયે આપણે કોઈ સંત કે હરિભક્તની ભૂલોને ભૂલી જઈ મહિમાસભર હૈયે તેમની સાથે રહી શકીએ છીએ ? આપણાથી એ દુભાયા હોય તો તેમને માફી માગી રાજી કરી શકીએ છીએ ? જો 'ના' તો એ જ આપણું દેહાભિમાન છે, એ જ આપણી દેહદષ્ટિ છે.

આવો, વર્તમાનકાળે સર્જાઈ રહેલા દિવ્યભાવના માહોલમાં ગુરુદેવનો આ સહજ દિવ્યભાવ આપણે હૈયે ઉતારી ગુરુદેવના પગલે પગલે ચાલીએ એ જ ગુરુદેવનું ખરું મહાત્મ્ય સમજ્યાની પારાશીશી છે. આવો, દિવ્યના સંગે દિવ્ય બનીએ. દિવ્યના સંગે સૌને દિવ્ય સમજીએ.



# હરિભક્ત : કેવળ બ્રહ્મની મૂર્તિ

શ્રીહરિએ ગઢપુરને વિષે ઉચ્ચારેલાં દિવ્ય વચનો :

'રાજા તથા રંક તે પણ સમ વર્તે છે. અને આ હરિભક્ત બહુ મોટો ને આ હરિભક્ત નાનો છે એમ નથી જણાતું; બધાય હરિભક્ત સરખા જણાય છે.' (વચ. ગ.મ. ૧૩)

"સર્વે હરિભક્તને અતિશે પ્રકાશે યુક્ત દેખું છું, એમાં જો લગાર પણ મિથ્યા કહેતા હોઈએ તો આ સંત સભાના સમ છે."

(વચ. ગ.છે. ૨)

વાસ્તવિકતાએ એ વખતે સભામાં વયમાં, ગુણમાં, રૂપમાં ભેદવાળા હરિભક્તો બેઠા હશે. કેટલાક નવા, કેટલાક જૂના તો કેટલાક માત્ર દર્શન કરવા પણ આવેલા હશે. કોઈ કામ, ક્રોધ, માન, ઈર્ષ્યાદિક દોષો-સ્વભાવોથી ગ્રસ્ત હરિભક્તો પણ બેઠા હશે. છતાં બધા માટે એકસમાન આશીર્વાદ હતા કે, "સર્વે હરિભક્તને અતિશે પ્રકાશે યુક્ત દેખું છું." કારણ, શ્રીહરિએ કોઈની દેહભૂમિકા જોઈ નથી. આ આશીર્વચન ચૈતન્યભૂમિકા સંબંધિત વહાવ્યા છે અર્થાત્ પોતાના જોગમાં આવનાર તમામને દેહભાવથી અળગા કરી ચૈતન્યને અનાદિમુક્ત કરી પોતાની મૂર્તિમાં રાખી લીધા.

શ્રીહરિનો રોમ રોમપણે જેમનામાં વાસ છે એવા દિવ્યપુરુષ ગુરુદેવ પ.પૂ. બાપજીના જીવનને નિકટથી નિહાળતાં સહેજે પ્રતીત થાય કે તેઓએ એસ.એમ.વી.એસ.ના સમગ્ર હરિભક્ત સમાજની મહારાજના મુક્ત તરીકે એકસમાન દૃષ્ટિથી જ સંભાળ લીધી છે. ગુરુદેવ પ.પૂ. બાપજીની પરભાવી દિવ્યતાને પ્રાંતની, દેશની કે જ્ઞાતિ-જાતિની સીમાઓ નડી નથી. હરકોઈ હરિભક્ત પ્રતિ સમત્વભાવ. પછી તે અમેરિકાના મોટા બિલિયોનર હરિભક્ત હોય કે પંચમહાલના અંતરિયાળ ગામમાં વસતા સામાન્ય આદિવાસી હરિભક્ત.

અવરભાવમાં એસ.એમ.વી.એસ.ના સર્વે સંતો-ભક્તો ગુરુદેવ પ.પૂ. બાપજીના શિષ્યો છે છતાં ગુરુદેવ પ.પૂ. બાપજીએ જીવનમાં કદી પણ કોઈ સંતો-ભક્તોનું શિષ્યભાવે નહિ, મહારાજના મુક્તભાવે જ સેવન કર્યું છે. કારણ, તેઓનો સ્પષ્ટ પરભાવી દૃષ્ટિકોણ.

ગુરુદેવ પ.પૂ. બાપજી દર મહિને ગોધર સમૈયામાં પણ લાભ આપવા પધારતા. એ જ રીતે દર મહિને સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર સમૈયામાં પણ લાભ આપવા પધારતા. ઘણી વાર એવું પણ થતું કે જે દિવસે સવારે ગોધર સમૈયો હોય એ જ દિવસે સાંજે સ્વામિનારાયણ ધામ સમૈયો હોય. તેથી સંતો-હરિભક્તો ગુરુદેવ પ.પૂ. બાપજીને પ્રાર્થના કરતા, "દયાળુ, આજે આપણે સ્વામિનારાયણ ધામ સમૈયામાં જવાનું રહેવા દઈએ. આપ ગોધર પધાર્યા છો તેથી રાત્રે વહેલો આરામ થાય." ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજી બોલી ઊઠતા, "આપણે સ્વામિનારાયણ ધામ જઈએ, ત્યાં સર્વે સંતો-હરિભક્તોનાં દર્શન થતાં બધો થાક ઊતરી જશે." ગુરુદેવ પ.પૂ. બાપજી સમૈયામાં પધારતા ત્યારે સભામાં આવી સર્વેના બે હસ્ત જોડી દર્શન કરતા અને એટલાં જ વચન બોલતા, "અમે, તમારાં દર્શન કરવા જ આવ્યા છીએ." આટલું કહી તરત પધારી જતા.

ગુરુસ્થાને હોવા છતાં દર્શન આપવાની ઈચ્છા નહિ; દર્શન કરવાનો તલસાટ. કારણ, તેઓ સૌનું વાસ્તવિક પરભાવી દૃષ્ટિથી સેવન કરતા.

જરા સ્વયંને પૂછીએ... સૌ સંતો-હરિભક્તોનાં દર્શન કરવાનો આગ્રહ કે તલસાટ આપણને રહે છે ? સંતો-હરિભક્તોનાં દર્શન દિવ્યભાવથી થાય છે ? તેમનાં દર્શનથી અંતરમાં આનંદ વર્તે છે કે ઉદ્વેગ ? સૌના અવરભાવના ભાવો ભૂલીને પરભાવી અનાદિમુક્તો જ છે એ ભાવ પરઠાય છે ? જો આપણને આવું વર્તે તો સમજવું આપણી દિવ્યભાવની યાત્રા કપાઈ રહી છે.

•••

તા. ૧૭-૬-૨૦૧૮ ને શુક્રવારના રોજ ગુરુદેવ પ.પૂ. બાપજી સાંજના સમયે વ્હિલચૅરમાં પ્રદક્ષિણા કરી રહ્યા હતા. એ વખતે ઘનશ્યામનગરથી બે બાળમુક્તો ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શન કરવા આવ્યા. એ બાળમુક્તો દૂર ઊભા ઊભા ગુરુદેવ પ.પૂ. બાપજીને બે હાથ જોડી પ્રાર્થના કરતા હતા કે, 'હે બાપજી ! અમારી ઉપર સદાય રાજી રહેજો અને આપના જેવા દિવ્ય સંત કરજો. આપ સદાય અમારી ભેળા ભળજો.' એ વખતે સેવક સંતે બંને બાળમુક્તોને ગુરુદેવ પ.પૂ. બાપજીની નજીક મોકલ્યા ત્યારે એમાંના એક બાળમુક્તે બીજા બાળમુક્તને કહ્યું, "બાપજી આવ્યા હાથ જોડ." એટલે બીજા બાળકે હાથ જોડ્યા. ગુરુદેવ પ.પૂ. બાપજી આ સાંભળી ગયા એટલે તરત કહ્યું, "મુક્તરાજ, એમને 'તું'કારે ન બોલાવાય, એ તો મહારાજના મુક્ત છે." એક નાના બાળમુક્ત પ્રતિ પણ કેવો દિવ્યભાવ !!

•••

ગુરુદેવ પ.પૂ. બાપજી નિત્યક્રમ મુજબ બપોરે વાંચન કરતા હતા. જોડે પ.ભ. શ્રી અર્પણભાઈ બેઠા હતા. તેઓને બહાર ગાડીની રિપૅરિંગની સેવા ચાલુ હોવાથી થોડી થોડી વારે બહાર જવું પડતું હતું. ગુરુદેવ પ.પૂ. બાપજીએ અર્પણભાઈને પૂછ્યું, "તમે થોડી થોડી વારે બહાર કેમ જાવ

છો ? કાંઈ થયું છે ?'' ત્યારે અર્પણભાઈએ પ્રથમ ગુરુદેવ પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી, ''બાપજી, આપ 'તમે' એવું અમને ન કહેશો, અમે બધા તો આપના દીકરા છીએ તો અમને 'તું'કારે જ બોલાવવાના.'' ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, ''ના, 'તું'કારે કોઈને ન બોલાવાય, તમે બધા મહારાજના અનાદિમુક્તો છો.''



જરા થોભીએ, ઘર-પરિવાર કે સત્સંગમાં કે નોકરી-ધંધામાં આપણે કોઈને 'તું'કારે બોલાવીએ છીએ કે માનથી ? કદાચિત્ આપણાથી વડીલ હોય, મોટા હોય તેમને તો માનથી બોલાવીએ પણ પોતાનાં દીકરા-દીકરીને, ઘરના સભ્યોને કે નોકરી-ધંધા પર હાથ નીચે કામ કરતા કર્મચારીઓને કેવી રીતે બોલાવીએ છીએ ? માનથી 'તમે', 'આપ' કહીએ છીએ કે 'તું'કારે બોલાવીએ છીએ ? તેઓ સાથે પ્રેમભર્યો વ્યવહાર કરીએ છીએ કે તોછડાઈભર્યો ? આપણે સૌ તો ગુરુદેવ પ.પૂ. બાપજીના અદના સેવકો છીએ છતાં તેઓશ્રી આપણને દિવ્યભાવે સેવન કરી માનથી બોલાવે તો આપણે કેમ નહીં ?

•••

તા. ૨૨-૭-૨૦૧૮ના રોજ સ્વામિનારાયણ ધામ ગુરુકુલના બાળમુક્તો ગુરુપૂર્ણિમાના પ્રતીક ઉત્સવ નિમિત્તે વાસણા ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શન-આશીર્વાદ માટે પધારેલા. એ જ દિવસે રાજકોટ ખાતે પણ ગુરુપૂર્ણિમાનો પ્રોગ્રામ હોવાથી ગુરુદેવ પ.પૂ. બાપજી રાજકોટના હરિભક્તોને ઑનલાઇન દર્શન-આશીર્વાદ આપતા હોવાથી થોડું મોડું થઈ ગયું.

રાજકોટ ઑનલાઇન દર્શન-આશીર્વાદનો પ્રોગ્રામ પૂર્ણ થયા બાદ ગુરુદેવ પ.પૂ. બાપજી ગુરુકુલના બાળમુક્તોને લાભ આપવા પધારતા હતા ત્યારે સેવક સંતને પૂછ્યું, ''આ બાળમુક્તોને અહીં જ જમાડવાના છે ને ?'' ત્યારે સેવક સંતે કહ્યું, ''ના બાપજી, અહીં જમવાનું નથી. સ્વામિનારાયણ ધામ પર જઈ ત્યાં જમાડવાનું છે.'' ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીએ બાળમુક્તોની ચિંતા રાખતાં કહ્યું, ''આ બધા મહારાજના મુક્તો છે, અવરભાવમાં બાળઅવસ્થા છે તો એક વાગ્યા સુધી ભૂખ્યા ન રહી શકે. માટે તરત તો આટલા બધાની બધી રસોઈ બનાવવી શક્ય ન બને પણ બધા માટે શીરો બનાવી દો. વ્યવસ્થિત બનાવજો અને બધાને ખૂબ પીરસજો.''

આમ, નાના બાળમુક્તોની જનેતા બની ગુરુદેવ પ.પૂ. બાપજીએ કેવી દિવ્યભાવે સૌની સંભાળ લીધી !!

•••

વાસણા ખાતે કોઠારની સેવામાં રહેતા રામાવતારભાઈ રોજ ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શને આવતા ત્યારે અવશ્ય ગુરુદેવ પ.પૂ. બાપજીને પૂછતા, ''બાપજી, આજે આપનું સ્વાસ્થ્ય કેવું છે ?'' તા. ૩૦-૬-૨૦૧૮ના રોજ સાંજે રામાવતારભાઈ ગુરુદેવનાં દર્શન કરવા આવ્યા તે દિવસે તેમની તબિયત પણ સારી ન હતી તે ગુરુદેવ પ.પૂ. બાપજીને ખ્યાલ હતો. તેથી રામાવતારભાઈ પૂછે તે પહેલાં ગુરુદેવ પ.પૂ. બાપજીએ તેઓને પૂછ્યું, ''તમારું B.P. કેટલું છે ?'' એમ તેઓના સ્વાસ્થ્યની બરદાસ (સંભાળ લીધી) કરી. વળી જોડે રહેલા સેવક સંતને કહ્યું, ''સ્વામી, આમનું B.P. માપજો અને એમની ચિંતા રાખજો.''

અવરભાવમાં સંસ્થાની સર્વોચ્ચ પદવી પર બિરાજતા હોવા છતાં ગુરુદેવ પ.પૂ. બાપજી નાના બાળમુક્તો કે નાનામાં નાના હરિભક્તોની કેટલી સંભાળ લે છે ! જરા સ્વયંને પૂછીએ કે હું મારી જોડે રહેનારા ઘરના સભ્યોની જમવા-પોઢવાની કે સ્વાસ્થ્યની ચિંતા રાખું છું ? તેમની દિવ્યભાવે સેવા થાય છે ? તેમના સ્થાને બેસી તેમની તકલીફ-દુઃખોને સમજી શકાય છે ?

ગુરુદેવ પ.પૂ. બાપજી સેંકડો સંતો-હરિભક્તોના હૃદય સિંહાસનમાં બિરાજી ગયા કારણ, સૌનું દિવ્યભાવે જતન અને સેવન. ગુરુદેવ પ.પૂ. બાપજીના અદના સેવક બની આપણે પણ તેઓના દિવ્યજીવનને નિહાળી તેઓની દિવ્યભાવની રીતે રીત કરીએ.



# ગઢડું શહેર કે ઓસરી કાંઈ નથી...

"આ ગઢડું શહેર કે ઓસરી કાંઈ દેખાતું નથી, જ્યાં અમે છીએ ત્યાં જ તમે છો એમ હું દેખું છું." શ્રીહરિએ ગઢડા મધ્યના ૧૩મા વચનામૃતમાં વહાવેલાં દિવ્ય વચનો જાણે ગુરુદેવ પ.પૂ. બાપજીના અવરભાવી જીવનમાં સહેજે ચરિતાર્થ થતા જણાય. દેશ હોય કે વિદેશ, ગામડું હોય કે શહેર; જ્યાં મહારાજ વિચરે, જે જે વસ્તુ-પદાર્થ મહારાજના સંબંધમાં આવે એ સર્વે દિવ્ય થઈ ગયું; તેવી પરભાવી સમજણ ગુરુદેવ પ.પૂ. બાપજીએ એસ.એમ.વી.એસ.ના સમગ્ર સમાજને દૃઢ કરાવી છે.

ગુરુદેવ પ.પૂ. બાપજીએ જીવનપ્રાણ બાપાશ્રીએ આપેલી પ્રત્યક્ષભાવની સમજણની વિશેષપણે દૃઢતા કરાવી અકૃતાર્થપણાનું અજ્ઞાન તોડાવી નાખ્યું. સંપ્રદાયમાં અદ્યાપિ શ્રીજીમહારાજની પ્રસાદીની વસ્તુઓનો અપાર મહિમા છે અને મહિમા હોવો જ જોઈએ એમાં કાંઈ ખોટું નથી. પરંતુ જેમ એ વસ્તુઓ મહારાજના સંબંધમાં આવી એટલે દિવ્ય છે. તેમ અત્યારે પ્રતિમા સ્વરૂપે પણ મહારાજ પ્રત્યક્ષ જ છે, સાક્ષાત્ જ છે. જે દાદાખાચરને મળ્યા હતા તે જ સ્વયં પોતે છે. તો પ્રતિમા સ્વરૂપના સંબંધમાં જે જે વસ્તુ-પદાર્થ આવે તે પણ એટલા જ દિવ્ય છે. આને દિવ્યભાવની પૂર્ણ સમજણ કહેવાય. જો મનુષ્ય રૂપે મહારાજે ધારણ કરેલ વાઘા કે અન્ય કોઈ વસ્તુ અને પ્રતિમા સ્વરૂપે મહારાજે ધારણ કરેલ વાઘા કે અન્ય વસ્તુના મહિમામાં-દિવ્યભાવમાં ભેદ રહે તો એટલી સમજણમાં કચાશ કહેવાય. વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી અને વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ સમગ્ર એસ.એમ.વી.એસ. સમાજમાં અલ્પ પણ સમજણની કચાશ રહેવા દીધી નથી.

વર્ષો પહેલાં વ્હાલા ગુરુજી એક ગામમાં વિચરણાર્થે પધાર્યા હતા. ત્યાં એક સત્સંગના ભાવિક ભક્તે ગુરુજીને પોતાના ઘરે પધરામણી કરવા માટે પ્રાર્થના કરી. પધરામણી દરમ્યાન પેલા હરિભક્તે એમની પાસે મહારાજની પ્રસાદીની અમુક વસ્તુ હતી તે હરખભેર બતાવવા માંડી. વ્હાલા ગુરુજીએ તમામ વસ્તુને દિવ્યભાવે દંડવત અને દર્શન કર્યાં. ત્યારબાદ પેલા હરિભક્તે ગુરુજીને પૂછ્યું, "સ્વામી, આપની પાસે મહારાજની પ્રસાદીની કોઈ વસ્તુ છે?" વ્હાલા ગુરુજીએ કહ્યું, "હા, છે ને !" "શું શું છે?" "મહારાજના વાઘા છે, ઢોલિયો છે, અલંકારો છે. ઘણું છે."

"સ્વામી, એ બધું ક્યાં છે? મારે દર્શન કરવાં છે."

"અમારી જોડે જ છે."

"આટલી બધી વસ્તુ આપ જોડે લઈને ફરો છો? ખટારો લઈને ફરો છો કે શું?" ગુરુજીએ સેવક સંતને કહ્યું, "જાવ, હરિકૃષ્ણ મહારાજનો ઢોલિયો, વાઘા આદિ વસ્તુઓ લઈ આવો." સેવક સંત ગાડીમાંથી બધી વસ્તુ લઈ આવ્યા. ગુરુજીએ પેલા હરિભક્તને વારાફરતી બધું બતાવવા માંડ્યું. ત્યારે પેલા હરિભક્ત બોલ્યા, "સ્વામી, આ નહીં. સાક્ષાત્ મહારાજની પ્રસાદીની વસ્તુ છે કે નહીં? એમ પૂછું છું." હરિભક્તના શબ્દો સાંભળી તરત જ વ્હાલા ગુરુજીએ કહ્યું, "શું આ મહારાજ સાક્ષાત્ નહીં? પ્રગટ નહીં? આ મહારાજ પ્રગટ જ છે. એ વખતે મહારાજ મનુષ્ય રૂપે દર્શન આપતા હતા ને અત્યારે પ્રતિમા સ્વરૂપે દર્શન આપે છે. માટે આ મહારાજના સંબંધમાં આવેલી વસ્તુ પણ એટલી જ દિવ્ય કહેવાય." આમ, વ્હાલા ગુરુજીએ હરિભક્તને દિવ્યભાવની સાચી સમજણ કરાવી.

• • •

સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ ચોસઠ પદીમાં એક સરસ પંક્તિ લખી છે, "જેવો રસ ભર્યો જે ઠામે રે, તેવો તેમાંથી ઝરશે." એમ ગુરુદેવ પ.પૂ. બાપજી એટલે સંપૂર્ણ પરભાવી સ્વરૂપ, સંપૂર્ણ દિવ્ય સ્વરૂપ. એમાં માયિકભાવનો લેશ ન મળે. આ પુરુષની નિકટમાં રહેવાનો લાભ મળે તો પળે પળે દિવ્યતાનો રસ ઝરતો અનુભવાય.

એક વખત ગુરુદેવ પ.પૂ. બાપજીને જમાડવા માટે બે પ્રકારનાં ઢોકળાં કર્યાં હતાં. એક તીખાં અને બીજાં મોળાં. સેવક સંતે બંને ઢોકળાં જુદાં જુદાં રાખીને બાજુમાં મૂક્યાં. ગુરુદેવ પ.પૂ. બાપજીએ તો મહારાજને પ્રાર્થના કરી જમાડવાનું શરૂ કરી દીધું. બે જુદાં જુદાં ઢોકળાં શા માટે મૂક્યાં એવું પણ પૂછ્યું નહિ અને બંનેમાંથી ઢોકળાં જમાડે. થોડી વાર પછી સેવક સંતે પૂછ્યું, "બાપજી, કયાં ઢોકળાં અનૂકુળ આવ્યાં?" ગુરુદેવ પ.પૂ. બાપજીએ આશ્ચર્યવત્ પૂછ્યું, "બે પ્રકારનાં ઢોકળાં છે?" "હા બાપજી, એટલે તો બે જુદાં મૂક્યાં છે." ગુરુદેવે પૂછ્યું, "બેયમાં જુદું શું છે?" ત્યારે સેવક સંતે કહ્યું, "બાપજી, એક તીખાં છે ને બીજાં મોળાં છે. દયાળુ, આપને જમાડવામાં તીખું, મોળું એવું લાગ્યું નહીં?" ગુરુદેવે કહ્યું, "અમે તો વસ્તુ જોતા જ નથી. મહારાજને ધરાવ્યું એટલે પ્રસાદ થઈ ગયો. એ દિવ્ય થઈ ગયું. હવે એમાં માયિકભાવ કેમ પરઠાય? તીખું-મોળું જોઈએ એ માયિકભાવ પરઠ્યો કહેવાય." સેવક સંત તો ગુરુદેવની પરભાવી સ્થિતિ જોઈ દિવ્યભાવમાં ડૂબી ગયા કે, 'આહાહા ! મને કેવા દિવ્યપુરુષની સેવા મળી, જેમને નથી કોઈ સ્થળ-સ્થાન, વસ્તુ-પદાર્થનો ભાવ, અવરભાવનો કોઈ લેશ જ નહીં. જેમને અખંડ મૂર્તિ, મૂર્તિ, મૂર્તિ જ છે. ફાવી ગયો ભાઈ ! ફાવી ગયો.' આવા એક

નહિ, અનેક પ્રસંગો મોટાના સાંનિધ્યમાં અનુભવાતા હોય છે. જરા થોભીએ. આપણને કેટલો સ્વાદ રહી જાય છે ? મહારાજના થાળમાં ધરાવ્યા પછી પ્રસાદને વિષે રાગ-દ્વેષ રહે એ દિવ્યભાવની કચાશ જ છે ને !

•••

સેવક સંતથી એક વાર ગુરુદેવને જમાડવામાં ભૂલથી કડવી કાકડી અપાઈ ગયેલી. ગુરુદેવ બાપજીએ તો રોજની જેમ જ મુખારવિંદના ભાવોમાં કોઈ જ પ્રકારનો ફેર કર્યા વગર આનંદથી જમાડી. છેલ્લે સંતોએ પ્રસાદી માગી. ગુરુદેવ બાપજીએ સંતોને પ્રસાદી આપી. પ્રસાદી મોંમાં મૂકતાં જ બધા સંતોનાં મોં બગડી ગયાં. સેવક સંતે અપરાધભાવે ગુરુદેવની માફી માગી. ત્યારે પણ ગુરુદેવનાં વચનો એ જ હતાં કે, "અમને તો કડવું-મીઠું કાંઈ ન લાગ્યું. અમે તો મહારાજનો દિવ્ય પ્રસાદ માની મહારાજને જમાડી ગયા." જરા વિચારીએ... મહારાજનો પ્રસાદ પ્રસાદ ગણીને જમાડીએ છીએ કે...

•••

વ્હાલા ગુરુદેવના જીવનમાં આ લોકના કોઈ સ્થળ-સ્થાનને વિષે પણ સારા-નરસાપણું કે ભાવ-કુભાવ છે જ નહિ તેવાં ઘણી વખત દર્શન થાય.

ઈ.સ. ૧૯૯૮માં ગુરુદેવ પ.પૂ. બાપજી સંત મંડળે સહિત વિદેશ વિચરણમાં પધારતા હતા. ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શન માટે સર્વે ભક્તો અમદાવાદ એરપોર્ટ પર આવ્યા. સૌના હૈયે આનંદ હતો કે, 'ગુરુદેવ પ.પૂ. બાપજી, ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી વિદેશ વિચરણમાં અનંતાનંત મુમુક્ષુઓને સુખિયા કરવા પધારી રહ્યા છે.' તેના આનંદમાં સૌ ચિચિયારીઓ કરી રહ્યા હતા. ગુરુદેવ પ.પૂ. બાપજીએ પૂછ્યું, "આ શેની ચિચિયારીઓ છે ?" કોઈએ કહ્યું, "દયાળુ, આપ વિદેશ પધારી રહ્યા છો ને !" ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, "આપણે તો અમેરિકા હોય, લંડન હોય કે ભારત... આપણે તો મૂર્તિમાં જ છીએ. ક્યાં જવાનું ? ક્યાં આવવાનું ? બધાને કહો ચિચિયારીના બદલે મહારાજનો જયજયકાર કરે."

જરા વિચારીએ... આપણને સ્થળ-સ્થાનને વિષે દિવ્યભાવની દૃઢતા રહે છે ? વિદેશ જવામાં આપણને અંતરમાં આનંદ થાય છે કે સમ વર્તે છે ? અંતરમાં દેશ-વિદેશ, ગામ-શહેરના ભેદભાવ રહે છે કે સર્વત્ર દિવ્ય મનાય છે !?

આપણે પણ ગુરુદેવની જેમ સ્થળ-વસ્તુ-પદાર્થના ભાવો ભૂલી સર્વત્ર મહારાજની મૂર્તિ જ છે એવો દિવ્યભાવ કેળવીએ તો ગુરુદેવને સેવ્યા કહેવાશે.



"નથી દેશ-પરદેશ તે કાંઈ, સદા ભેળા મૂર્તિસુખ માંહી."



# વાણી વાણી રે મીઠી વાણી...

"વાણી, વાણી રે મીઠી વાણી,
મારા વ્હાલાજીના મુખડાની મીઠી વાણી."

શ્રીજીમહારાજની અમૃતભરી મીઠી વાણીથી અનેકાનેક સંતો-હરિભક્તો મહારાજ જોડે આકર્ષાતા. અનેકનાં જીવન પરિવર્તિત થઈ જતાં. મહારાજની આ વાણીની મૃદુતા, મીઠાશ અને દિવ્યતાને વર્ણવતાં નંદસંતોએ અનેક કીર્તનો રચ્યાં છે. શ્રીજીમહારાજ જેના સંપૂર્ણ કર્તા છે એવા ગુરુદેવ પ.પૂ. બાપજીની વાણીમાં પણ શ્રીહરિના જેવી જ મૃદુતા હોય એ નિઃશંક છે. ગુરુદેવની મીઠી અમૃતવાણીમાંથી ઝરતી દિવ્યતાને માણીએ.

અવરભાવના સર્વોચ્ચ પદે બિરાજતા હોવા છતાં કદી પોતાના શિષ્યોને આજ્ઞાના રૂપમાં નહિ પરંતુ વિનંતીના સૂરમાં જ ઉપદેશ કરતા. સ્વજરૂરિયાતની વસ્તુની માગણી પણ આ જ સૂરમાં...

એક વખત ગુરુદેવ પ.પૂ. બાપજી વાસણા આસને બિરાજમાન હતા. અવરભાવમાં મંદવાડ લીલાનાં દર્શન કરાવતા હતા. તેથી સેવક સંતને કહ્યું, "સ્વામી, મહારાજને તરસ લાગી છે તો બે ઘૂંટા જળ મળશે ?" સેવક સંત આ સાંભળી ગદ્ગદિત થઈ ગયા અને કહ્યું, "બાપજી ! આમ કેમ બોલો છો ? અમે તમારા શિષ્યો છીએ, દીકરા છીએ. અમને સીધી આજ્ઞા જ કરવાની હોય; વિનંતી નહીં." એમ કહેતાં ગુરુદેવ બાપજીને જળ આપ્યું. જળ ધરાવ્યા બાદ ગુરુદેવ પ.પૂ. બાપજી બોલ્યા, "સ્વામી, તમે બધા મહારાજના મુક્તો છો ને, મહારાજને આજ્ઞા થોડી કરાય ?"

• • •

ઈ.સ. ૨૦૧૬માં સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે સૌપ્રથમ પ્રિ-મુમુક્ષુ બૅચની શિબિરમાં ગુરુદેવ પ.પૂ. બાપજી દર્શન-આશીર્વાદનો લાભ આપવા સ્વામિનારાયણ ધામ પધાર્યા હતા. સર્વે હરિભક્તોને હરિકૃષ્ણ મહારાજ તથા ગુરુદેવ પ.પૂ. બાપજીના હસ્તની સાકરની પ્રસાદી મળે તે હેતુથી એક સંત ઠાકોરજીને સાકરનો થાળ ધરાવતા હતા. ત્યારબાદ તે થાળ ગુરુદેવ બાપજી સમક્ષ લાવ્યા ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીએ આદર્શ પ્રૉજેક્ટની સેવા સંભાળતા પૂ. સંતને પૂછ્યું, "સ્વામી, અમે આમાંથી બે દાણા સાકરની પ્રસાદી લઈએ ?"

આ દિવ્યપુરુષની પરભાવી મોટ્યપ કેવી ? અવરભાવમાં પણ સમગ્ર સંસ્થાનું સુકાન તેઓના હસ્તક હોવા છતાં તેઓની વાણીમાં કેટલી અમૃતભરી મીઠાશ ઝરે ! કદી કોઈને આજ્ઞા કે વચનથી નહિ પણ વિનંતીના સૂરમાં જ વાત કરવાની આગવી શૈલી.

જરા સ્વયંની સાથે આ પ્રસંગને સરખાવીએ. શું આપણે કોઈ પણ વાત કે કોઈ પણ પ્રસ્તાવ કોઈની આગળ આજ્ઞાના રૂપમાં (order formમાં) મૂકીએ છીએ કે વિનંતીના રૂપમાં ? શું આપણી વાત સાંભળી અન્યના હૃદયને ઠેસ પહોંચે છે કે શાતા વળે છે ? જો આપણે આપણા ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને રાજી કરવા હોય, આ વર્ષનો દિવ્યભાવનો સંકલ્પ પૂર્ણ કરવો હોય તો તેઓની જેમ અમૃતભરી મીઠી વાણી બોલતા થઈએ.

• • •

તા. ૧૮-૧૨-૧૯૮૦ ને એકાદશીના મંગળકારી દિને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનો દીક્ષા વિધિ પૂર્ણ થયો. ત્યારબાદ ગુરુદેવ પ.પૂ. બાપજીએ ગુરુજી સ્વામીશ્રીને કહ્યું, "સ્વામી, આજે ઠાકોરજીને સાકર ધરાવો. હરિભક્તોને સાકર વહેંચીએ." ગુરુદેવ પ.પૂ. બાપજીની રુચિ જાણી ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ સાકરનો મોટો તાસ ભર્યો અને ઠાકોરજીને ધરાવ્યો. ઠાકોરજીને ધરાવી પાછા ફરતા હતા ત્યાં બાળમુક્ત કેતનભાઈનું મસ્તક તાસને અથડાતાં બધી સાકર જમીન પર વેરાઈ ગઈ. આ જોઈ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી થોડા ગભરાઈ ગયા. પરંતુ ગુરુદેવ પ.પૂ. બાપજીએ આ પ્રસંગને ખૂબ હળવાશથી લીધો અને બોલ્યા, "સ્વામી, આજે હારો દા'ડો છે એટલે આજે હાકરનો (સાકરનો) મેહુલો વરસ્યો. તે મહારાજે જ વરસાવ્યો. તમે ચિંતા ન કરો." એમ કહી વેરાયેલી સાકર ભેગી કરાવી હરિભક્તોને પ્રસાદી આપી.

જરા વિચારીએ, ઘરના સભ્યથી દૂધ ગરમ કરતાં ઊભરાઈ ગયું. તેલ-ઘીની બરણી ઢોળાઈ ગઈ. સંજોગવશાત્ ફ્રૂટ-શાકભાજી બગડતું હોવાથી ફેંકી દેવું પડ્યું કે કંઈ પણ વસ્તુ સરતચૂકથી તૂટી-ફૂટી ગઈ તો આપણે વાણી પર નિયંત્રણ રાખી શકીએ છીએ કે સામેના મુક્ત દુભાય તેવી વાણી ઉચ્ચારાય છે ? એ વખતે 'ભૂલ તો સૌનાથી થાય, બીજી વખત ધ્યાન રાખજો.' એમ કહી વાતને હળવાશથી લેવાય છે કે પછી નાની બાબતમાં મોટું સ્વરૂપ આપી દેવાય છે ?

આવા પ્રસંગે આપણે કેવા કેવા પ્રત્યાઘાતો આપીએ છીએ તેનું સ્વનિરીક્ષણ કરી તેમાં સુધારો લાવી આપણા વાણી-વર્તનને મૃદુ અને કોમળ બનાવીએ.

• • •

ગુરુદેવ પ.પૂ. બાપજીની વાણી જેટલી અમૃતભરી મીઠી એવું વર્તન પણ મૃદુ અને કોમળ. સૌ કોઈના હૃદયને સ્પર્શી જાય. એક વખત ગુરુદેવ પ.પૂ. બાપજી વિચરણ અર્થે ગોધરા પધાર્યા હતા. ઘણા સમય બાદ ગુરુદેવ પ.પૂ. બાપજી ગોધરા પધારવાના હોવાથી સંતો-હરિભક્તોએ મંદિરના મુખ્ય પ્રવેશદ્વારથી સામૈયું રાખ્યું હતું. ગુરુદેવ પ.પૂ. બાપજી ત્યાંથી વ્હિલચૅરમાં બિરાજી બે લાઇનમાં ગોઠવાયેલા હરિભક્તોને હસતા થકા બે હસ્ત જોડી રાજી રહેજો, જય સ્વામિનારાયણ પાઠવી રહ્યા હતા. ત્યારે એક બિનસત્સંગી મહિલાએ દૂરથી ગુરુદેવ પ.પૂ. બાપજીની આ દિવ્ય રીતનાં દર્શન કર્યાં અને અહોભાવમાં ડૂબી ગયાં કે, 'અહો !! આ બાપજી સંસ્થામાં

મુખ્ય સ્થાને બિરાજે છે ! આ બધાય સંતો-હરિભક્તોના ગુરુ છે ! એમણે તો બધાને બે હાથ ઊંચા કરી આશીર્વાદ જ આપવાના હોય અને મેં પણ આવું જ જોયું છે કે ગુરુ હોય તે આશીર્વાદ જ આપે. જ્યારે આ બાપજી કેવા નિર્માની છે !! કેવા નિર્મળ સ્વરૂપ છે કે પોતાના શિષ્યોને બે હસ્ત જોડી જય સ્વામિનારાયણ પાઠવી રહ્યા છે. આવા ગુરુ તો મેં આખી દુનિયામાં ક્યાંય જોયા નથી.' ગુરુદેવ પ.પૂ. બાપજીના આ દિવ્ય ગુણથી પ્રભાવિત થઈ આ મહિલા હરિભક્ત કારણ સત્સંગમાં ખેંચાયાં.

જરા નિજદર્શન કરીએ કે આપણી આસપાસના ઘરના સભ્યો કે સત્સંગી બંધુ સાથેનું આપણું વર્તન આટલું મૃદુ અને કોમળ છે ? શું આપણા વર્તનથી સૌને ગુણ આવે છે કે અવગુણ આવે છે ? આપણું વર્તન આપણા ઘરનું, સત્સંગનું, ગુરુજીનું તથા સંસ્થાનું શોભાવે છે કે લાંછનરૂપ છે ???

ગુરુદેવ પ.પૂ. બાપજીના તથા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના અદના શિષ્ય થઈ તેઓશ્રી જેવી મીઠી વાણી તથા કોમળ વર્તન કરતા થઈએ. તો જ દિવ્યભાવની દૃઢતા સ્વજીવનમાં કરી કહેવાશે.

## મૂર્તિસુખે સુખિયા

**કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :**



**મૂ.નિ. ચંદ્રકાન્તભાઈ (ચુનીલાલ) અંબાલાલ ઠક્કર, ઉંમર વર્ષ-૮૦, વાસણા; તા. ૧૫-૧-૨૫ :** એસ.એમ.વી.એસ. સંસ્થાના પાયાની ઈંટ સમા ઘરધણી મુક્ત ચુનીભાઈ ઠક્કર મહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા છે. શાંત અને સરળ સ્વભાવની સાથે સૌને સત્સંગ કરાવવાના ખૂબ આગ્રહી હતા. પોતે બૅંકમાં નોકરી કરતા હોઈ વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞાથી સમય કરતા પહેલાં નિવૃત્તિ લઈ સત્સંગ પ્રચાર-પ્રસારની સેવામાં જોડાઈ ગુરુદેવ તથા ગુરુજીના અંતરનો રાજીપો કમાયા હતા. તેઓના સમસ્ત પરિવારે સંસ્થાને પોતાની માની તન-મન-ધનના સમર્પણ કરી ખૂબ સેવા કરી છે.



**મૂ.નિ. શિવલાલભાઈ કાંતિભાઈ ઠક્કર, ઉંમર વર્ષ-૭૪, ઇસનપુર; તા. ૨૨-૧-૨૫ :** ઈસનપુર સેન્ટરના ઘરધણી મુક્ત શિવલાલભાઈ ઠક્કર મૂર્તિના સુખે સુખિયા થયા છે. વિરમગામ ખાતે કારણ સત્સંગના પ્રચાર-પ્રસારની સેવામાં તેઓનું નોંધપાત્ર યોગદાન હતું. જેથી ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજીના અંતરનો રાજીપો કમાયા હતા. મહાપ્રભુના ચરણે એ જ પ્રાર્થના કે તેઓના દીકરા અમિતભાઈ તથા સમસ્ત પરિવારને સત્સંગનું તથા સમજણનું ખૂબ ખૂબ બળ આપે.



**મૂ.નિ. હસમુખભાઈ દામોદરભાઈ પંચાલ, ઉંમર વર્ષ-૭૭, ઝાલોદ; તા. ૨૯-૧-૨૫ :** ઝાલોદ સેન્ટરના ઘરધણી મુક્ત હસમુખભાઈ પંચાલ મૂર્તિના સુખે સુખિયા થયા છે. ઝાલોદ ખાતે સત્સંગની શરૂઆતથી જ તેઓએ ખૂબ સેવા કરી છે. જ્યારે મંદિર માટે જમીન ન હતી ત્યારે પૂ. સંતોના ઉતારા, અઠવાડિક સભાઓ ઉપરાંત ઘણી સેવાઓ ઉપાડી લઈ ગુરુદેવ તથા ગુરુજીનો રાજીપો કમાયા હતા. આ ઉપરાંત અકાઉન્ટની સેવામાં પણ પૂ. સંતોને નિશ્ચિંતપણું અપાવી રાજી કર્યા હતા. તેઓનો સંપૂર્ણ પરિવાર તન-મન-ધનથી સમર્પિત થઈ સૌના માટે પ્રેરણારૂપ બન્યો છે.



**મૂ.નિ. ભાવસીંગભાઈ મેરામણભાઈ ચૌહાણ, ઉંમર વર્ષ-૭૩, નરોડા; તા. ૧૩-૨-૨૫ :** નરોડા સેન્ટરના ઘરધણી હરિભક્ત ભાવસીંગભાઈ ચૌહાણ મૂર્તિના સુખે સુખિયા થયા છે. તેઓના ત્રણેય દીકરામાં પીયૂષભાઈ નરોડા ખાતે, પ્રતાપભાઈ અલબૅરી (ઑસ્ટ્રેલિયા) ખાતે તેમજ બ્રિજેશભાઈ લંડન ખાતે તન-મન-ધનથી સેવા કરી રાજીપો કમાઈ રહ્યા છે. અંતિમ ક્ષણોમાં વ્હાલા ગુરુજીએ સામે ચાલી તેઓને મૂર્તિસુખમાં લઈ જવાના આશીર્વાદ આપ્યા હતા. મહાપ્રભુ તેઓના સમસ્ત પરિવારને સત્સંગનું તથા સમજણનું ખૂબ બળ આપે.

**મૂ.નિ. લાલુભા રમુભા ઝાલા, ઉંમર વર્ષ-૭૨, વાંસવા; તા. ૧૮-૧-૨૫**

**મૂ.નિ. ગણપતભાઈ બળવંતભાઈ ડામોર, ઉંમર વર્ષ-૪૫, તોરણી (ગોધરા); તા. ૨-૨-૨૫**

**મૂ.નિ. હંસાબેન મનુભાઈ પટેલ, ઉંમર વર્ષ-૬૭, સુરત; તા. ૨૧-૧-૨૫**

**મૂ.નિ. સુમિત્રાબેન મનુભાઈ સુથાર, ઉંમર વર્ષ-૭૪, વાસણા; તા. ૨૧-૧-૨૫**

**મૂ.નિ. સજનબા કરશનભાઈ ડોડિયા, ઉંમર વર્ષ-૬૨, દદુકા; તા. ૩-૨-૨૫**

**મૂ.નિ. પુષ્પાબેન રસિકલાલ શાહ, ઉંમર વર્ષ-૯૧, વડોદરા; તા. ૬-૨-૨૫**

**આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.**



# દિવ્યભાવના અનુપમ ઉદ્‌ઘોષક ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી

બાપાશ્રીની વાતો ભાગ-૧ની પ્રસ્તાવનામાં હાથી અને સાત અંધનું દૃષ્ટાંત આવે છે. દૃષ્ટિજ્ઞાન વિના અંધજનોએ સ્પર્શથી જેવો હાથીને અનુભવ્યો તેવો વર્ણવ્યો. પણ યથાર્થ વર્ણન કોઈ ન કરી શક્યું. કારણ, દૃષ્ટિનો અભાવ. જો હાથીને યથાર્થ જોવો-જાણવો હોય તો હાથી પાસે જતા પહેલાં ચક્ષુની દૃષ્ટિ આપે તેવા વૈદ પાસે જવું ફરજિયાત છે.

અધ્યાત્મ જગતમાં સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય સ્વરૂપનાં દર્શન કરવા દિવ્ય ચક્ષુ અને દિવ્ય દૃષ્ટિ જોઈએ. એ વિના અટકળે કાંઈ ન વળે. દેહદૃષ્ટિનું અંધત્વ ટાળી દિવ્ય ચક્ષુ અને દિવ્ય દૃષ્ટિ કરાવનારા વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી જેવા સદ્‌ગુરુરૂપી વૈદ મળી જાય તો અનાદિકાળનું અંધત્વ ટળી જાય. આપણે એસ.એમ.વી.એસ. પરિવાર અતિ અતિ કૃપાવંત છીએ કે આપણને આવા શ્રેષ્ઠ સદ્‌ગુરુરૂપી વૈદનું સાંનિધ્ય મળ્યું છે.

શ્રીહરિએ ઓરડાના પદમાં, ગઢડા મધ્યનું ૧૩, ગઢડા છેલ્લાનું ૨ આદિક અનેક વચનામૃતમાં દિવ્ય દૃષ્ટિનાં જ્ઞાન ચક્ષુ ખોલવાની વાત કરી છે. દિવ્યભાવની એ અનુપમ વાતો અદ્યાપિ સંપ્રદાયમાં ગવાઈ, વંચાઈ, લખાઈ પરંતુ યથાર્થ અનુભવગમ્ય ન થઈ. વર્ષોનાં વહાણાં વહી ગયાં પછી એ અનુપમ વાતોના ઉદ્‌ઘોષક બન્યા વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી.

ગુરુદેવ પ.પૂ. બાપજી કાયમ ગુરુજી માટે કહેતા, “સ્વામી તો ઠેઠથી દિવ્યભાવ લઈને આવ્યા છે અને બધે દિવ્યભાવ પ્રવર્તાવીને રહેશે.” ગુરુદેવનાં વચનો જ્ઞાનસત્ર-૧૮માં સાકાર થયાં. ગુરુજીએ શ્રીહરિનાં વચન...

“મારી મૂરતિ રે, મારા લોક, ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, અહીં તો જોયાની છે જુક્ત.”

તેને સાકાર કરવાનું મિશન આરંભ્યું છે. ગુરુજી સમગ્ર સમાજને દિવ્યભાવે વર્તવાની વાત કરતાં સ્વયં સમર્થ હોવા છતાં પોતે વર્તી રહ્યા છે. દિવ્યભાવભીના ગુરુજીનાં જીવનનું દર્શન કરી સ્વતપાસ કરીએ.

### મહારાજને વિષે દિવ્યભાવ

તા. ૫-૧૦-૨૦૧૮ ને શુક્રવારે એકાદશીની સંકલ્પ સભામાં ‘શ્રેષ્ઠ સુખ મેં ઉતારા કર લે...’ સમૂહગાન ઉપર વિવરણ ચાલતું હતું. લાભ આપતાં ગુરુજી બોલ્યા, “આપણને કેવા દિવ્ય સ્વરૂપ મહારાજ મળ્યા છે ! મહારાજ આપણું જીવન છે, આપણો શ્વાસ છે.” આટલું બોલતાં બોલતાં ભરસભામાં તેઓશ્રી ગદ્‌ગદિત થઈ ગયા. નેત્રો હર્ષાશ્રુથી ઊભરાઈ ગયાં. આ છે મહારાજ સાથેની દિવ્ય પ્રીતિ.

• • •

તા. ૧-૬-૨૦૨૨ના રોજ રાત્રે વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને ઉદરમાં સખત પથરીનો દુખાવો ઊપડ્યો હતો. ટ્રીટમૅન્ટ માટે તાત્કાલિક હૉસ્પિટલાઈઝ કરી ટ્રીટમૅન્ટ ચાલુ કરી હતી. વહેલી સવારે ૩:૩૦-૪:૦૦ વાગ્યે રજા આપતાં સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર સંત આશ્રમમાં પધાર્યા. ડૉક્ટરે આરામ કરવાની સલાહ આપી હતી. ગુરુજીને દુખાવાની કે આરામની પરવાહ નહોતી પણ તેઓશ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રાતઃ સેવાની ચિંતા કરતા હતા. પૂ. સંતોએ ગુરુજીને આરામ કરવા પ્રાર્થના કરી. પરંતુ ગુરુજી નિત્યક્રમ મુજબ આજે હરિકૃષ્ણ મહારાજની સેવા નહિ થઈ શકે એ વિચારે ગદ્‌ગદિત થઈ ગયા. તેમ છતાં પૂ. સંતોને પોતાના વતી મહારાજને સેવા કરવાની ભલામણ કરી. આ છે મહારાજની સેવામાં દિવ્યભાવ.

જરા સ્વતપાસ કરીએ... આપણે પણ મહારાજ આપણું જીવન છે, આપણો શ્વાસ છે એવું બોલીએ તો શું ગુરુજી જેવો દિવ્યભાવ, સ્નેહ પ્રગટે છે ? નાદુરસ્ત તબિયતમાં પણ ગુરુજી જેવો સેવા કરવાનો આગ્રહ રહે છે ? આનંદ થાય છે ? ગુરુજી તો સમર્થ દિવ્ય સત્પુરુષ છે છતાં મહારાજની દિવ્યભાવે સેવા કરે છે તો આપણે તો સેવક થઈ મહારાજની દિવ્યભાવે સેવા કરીએ જ.

### ગુરુદેવને વિષે દિવ્યભાવ

ઈ.સ. ૨૦૧૮માં ત્રણ-દિવસીય સંત કૅમ્પનું આયોજન થયેલું. જેમાં તા. ૧૭-૧૦-૨૦૧૮ના રોજ ત્રીજા દિવસે પ્રાતઃ સભા બાદ પૂ. સંતોને ગુરુદેવ પ.પૂ. બાપજીનાં ઑનલાઈન દર્શન થાય તેવું આયોજન કરેલ હતું. AVD ટીમના હરિભક્તો દર્શન થાય તે રીતે લૅપટૉપ લઈને ઊભા હતા. ગુરુજીએ તુરત ઠાકોરજીના આસનની બાજુમાં પોતાના સોફા પાસે ટેબલ મુકાવ્યું અને કહ્યું, “લૅપટૉપને અહીં પધરાવો; બધાને ગુરુદેવનાં બરાબર દર્શન થાય.”

લૅપટૉપ તો આ લોકની નિર્જીવ ટૅક્નૉલૉજીની વસ્તુ છે. છતાં તેમાં ગુરુદેવનાં દર્શન થતાં હતાં. તે દર્શન સ્ક્રીનમાં નહિ, પ્રત્યક્ષ દિવ્ય રૂપે દર્શન આપી રહ્યા છે એવો દિવ્યભાવ હતો. તેથી આવાં વચન ઉચ્ચાર્યાં. અહાહા... ગુરુદેવને વિષે દિવ્યભાવની કેવી પરાકાષ્ઠા !

### પૂ. સંતો–હરિભક્તોને વિષે દિવ્યભાવ

જ્ઞાનસત્ર-૧૮માં ત્રીજા દિવસે સંધ્યા સેશનમાં નીચી ટેલની સેવા કરનાર સંતો-હરિભક્તોનાં રાજીપાદર્શનનો પ્રોગ્રામ હતો. ખરેખર પ્રોગ્રામના આયોજનમાં સંતો-હરિભક્તો ગુરુજીનું પૂજન-અર્ચન કરી રાજીપો મેળવે તેવું હતું. આ મુજબ અનાઉન્સમૅન્ટ થઈ.

દિવ્યભાવની મૂર્તિ ગુરુજી તરત પોતાના આસન ઉપરથી ઊભા થઈ ગયા અને સંતો-હરિભક્તો સ્ટેજ ઉપર બેઠા હતા ત્યાં સ્વયં પોતે પૂજન-અર્ચન કરવા પહોંચી ગયા. અન્ય વડીલ સંતો ના... ના... કરતાં પ્રાર્થના કરતા રહ્યા. ગુરુજીએ માત્ર પૂજન-અર્ચન કર્યું એટલું જ નહિ; હજારો હરિભક્તોની જનમેદની વચ્ચે સ્ટેજ ઉપર સંતો-હરિભક્તોને દંડવત કર્યા. ગુરુજીએ એક જ વાત કહી કે, “અમે આ કોઈ સંત કે હરિભક્તને દંડવત કરતા નથી, અમે તો મહારાજનાં દર્શન કરીએ છીએ.”

અહાહા... પરાકાષ્ઠાનો દિવ્યભાવ. આજ સુધી અધ્યાત્મ જગતમાં જે નથી બન્યું તેવી દિવ્યભાવની ક્રાંતિ વ્હાલા ગુરુજીએ આજે સર્જી છે. શિષ્ય તો ગુરુને વંદે, પૂજે, નમે પણ ગુરુ અનાદિમુક્તના દિવ્યભાવથી સંતો-હરિભક્તોને વંદે, પૂજે, નમે, દંડવત કરે એવી ક્રાંતિ અધ્યાત્મ જગતમાં પ્રથમ વાર જ સર્જાઈ છે.

માત્ર સ્ટેજ ઉપર એક વાર નહિ, ગુરુજીના જીવનમાં ક્ષણે ક્ષણે, પળે પળે આવાં દર્શન થાય છે. ગુરુ-શિષ્ય પરંપરામાં શિષ્ય ગુરુનું પત્તર ધોવા માટે પડાપડી કરે એ તો પૂર્વેથી ચાલી આવેલી રીત છે. પણ ગુરુ પદે બિરાજી શિષ્યનું જમાડેલું પત્તર ધોવા માટે એક એક સંત પાસે વારંવાર યાચના કરે એ સામાન્ય ગુરુ નહિ, ગુરુરાજ જ કરી શકે.

•••

તા. ૨૦-૧૨-૨૦૨૧ ને સોમવારે ગોધરા ઝોનના બોરિયાવી ખાતે સત્સંગ કેન્દ્રનો ઉદ્‌ઘાટન પ્રસંગ હતો. હજારો હરિભક્તો વ્હાલા હરિકૃષ્ણ મહારાજ અને ગુરુજીના સ્વાગત માટે અતિ ઉત્સાહ-ઉમંગે ઉત્સુકતાથી ઊભા હતા. ગુરુજીને બિરાજમાન થવા શણગારેલા ગાડાની વ્યવસ્થા કરી હતી. વ્હાલા હરિકૃષ્ણ મહારાજ અને ગુરુજીને ગાડામાં બિરાજમાન કરી ગાડું ચલાવવાનો પ્રથમ વાર લાભ મળશે તે વિચારથી સૌ ખૂબ આનંદમાં હતા. પરંતુ ગાડું ખેંચવામાં બળદની જગ્યાએ હરિભક્તોને ઊભેલા જોઈ ગુરુજીએ ગાડામાં બેસવાની ના પાડી. હરિભક્તોએ અતિ આગ્રહ કર્યો. ના પાડવાનું કારણ પૂછ્યું. તો કહ્યું, “આ બધા હરિભક્તો મહારાજના અનાદિમુક્તો છે. સૌના કર્તા મહારાજ છે. અમે તમારી પાસે આ રીતે ગાડું ખેંચાવડાવીએ તો મહારાજનો અપરાધ થઈ જાય. મહારાજ પાસે આવી સેવા કરાવડાવાય ? માટે સૌ રાજી રહેજો.” એમ કહેતાં ગાડીમાં બિરાજી ગયા. ગુરુજીએ પોતા થકી કોઈને તકલીફ પડે એવું ક્યારેય થવા દીધું નથી.

જરા સ્વનિરીક્ષણ કરીએ... શું આપણને પૂ. સંતોને વિષે દિવ્યભાવ-પૂજ્યભાવ રહે છે ? દિવ્યભાવે સેવા થાય છે ? પૂ. સંતોનાં દર્શન થાય તો દંડવત-દર્શન થાય છે ? પરિવારના સભ્યોમાં, સત્સંગમાં, ધંધા-વ્યવસાયમાં આપણાથી નાના હોય, સમકક્ષ હોય તેમને વિષે દિવ્યભાવ-પૂજ્યભાવ રહે છે ? તેમને ચરણસ્પર્શ કે દંડવત થાય છે ? શું આપણે ક્યારેય તેમની જમાડેલી ડિશ-વાટકી સાફ કરી શકીએ છીએ ? ગુરુજી જો ગુરુ પદે બિરાજતા હોવા છતાં દાસત્વભાવે વર્તી આવો દિવ્યભાવ રાખી વર્તે છે તો આપણામાં કસર હોય તો ટાળીએ.

### સ્થળ–સ્થાનને વિષે દિવ્યભાવ

વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી અમેરિકા વિચરણ કરી ભારત પરત પધારતા હતા. વચ્ચે દુબઈ ખાતે હૉલ્ટ હતો. એરપોર્ટના એક રૂમમાં સંતો-હરિભક્તો વિશ્રામ માટે બિરાજ્યા હતા. એ વખતે હાલ મૂ.નિ. રાજુભાઈ અબાસણાએ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને બારીમાંથી દુબઈ ઉપર દૃષ્ટિ કરવા પ્રાર્થના કરી. એરપોર્ટની બાજુના દરિયામાં કાર્ગો પાર્ક કરેલી હતી. ગુરુજીએ તે તરફ અંગૂલી નિર્દેશ કરતાં પૂછ્યું, “આ શું છે ?” ત્યારે કહ્યું, “આ દરિયામાં સફર કરવા માટે દુબઈના લોકોએ પોતે ખરીદેલી કાર્ગો બોટનું પાર્કિંગ છે.”

ગુરુજીએ હસતાં હસતાં કહ્યું, “અમને તો કાર્ગો નહિ, અનંત અનાદિમુક્તોનો સમૂહ બેઠેલો હોય તેવાં દર્શન થાય છે. આપણે દુબઈમાં બેઠા નથી, અમેરિકા ગયા નહોતા કે ઇન્ડિયા જવાનું નથી. આપણે તો નિરંતર મૂર્તિમાં જ છીએ. અમને તો સર્વત્ર પરભાવ, મૂર્તિ જ ભાસે છે.” વિદેશ વિચરણ દરમ્યાન કે ફ્લાઇટ જર્નીમાં પણ ગુરુજી, સાથે રહેલા સંતો-હરિભક્તોને આવા જ પરભાવ-દિવ્યભાવની દૃઢતા કરાવે.

જરા સ્વનિરીક્ષણ કરીએ... આપણને અવરભાવના સ્થળ-સ્થાનને વિષે દેશ-વિદેશના ભાવ રહે છે ? ફરવાલાયક સ્થળોને જોવા-જાણવાના અભરખા રહે છે ? જો હા, તો હજુ આપણે અવરભાવમાં જ ડૂબેલા છીએ. મૂર્તિમાં જ છીએ તો સ્થળ-સ્થાન કેવાં ? એ ભાવ રાખીએ.

### વાણીમાં દિવ્યભાવ

‘મહારાજ’ અને ‘દયાળુ’ આ દિવ્ય વચનોનું સંબોધન એ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ વાણીમાં દિવ્યભાવની પ્રસરાવેલી આગવી અલૌકિક રીત છે. ચાહે સંત હોય કે હરિભક્ત; ર

વર્ષના બાળમુક્ત હોય કે ૭૨ વર્ષના વડીલ; સૌને મહારાજ, દયાળુનું દિવ્ય સંબોધન. સૌમાં એક મહારાજનાં દર્શન.

આજે GTPL ભક્તિ ચૅનલ ૫૫૧ પર સત્સંગી-બિનસત્સંગી; પરોક્ષના અનેકાનેક મુમુક્ષુઓ ગુરુજીની દિવ્યભાવસભર પ્રભાવી વાણીથી આકર્ષાઈ રહ્યા છે. એમાંય ગુરુજીના મુખે થતું 'ભઈલા'નું સંબોધન લાભ લેનારા સૌને ગુરુજીને વિષે પોતીકાપણાનો અનુભવ કરાવે છે.

ગુરુજી આજે ગુરુ પદે બિરાજવા છતાં સૌ પૂ. સંતોને માનવાચક સંબોધનથી જ બોલાવે. કદી કોઈ પૂ. સંતોને 'તું'કારો ન કરે અને કોઈને કરવા પણ ન દે. તા. ૧૯-૧-૨૦૨૦ ને રવિવારે સંત શિબિરમાં પૂ. સંતોના ગુણાનુવાદનું સેશન ચાલતું હતું. એક પૂ. સંતે પોતાની સાથે રહેનારા સંતના ગુણાનુવાદ નામ બોલીને શરૂ કર્યા. ગુરુજીએ તરત વચ્ચે ટકોર કરતાં કહ્યું, "સ્વામી, સંતોના નામની આગળ પૂજ્ય બોલવું; એકલું નામ ન બોલાય."

ગુરુજીની વાણી ચાહે મુખેથી વહેતી હોય કે પછી કાગળનાં પાનાં ઉપર હોય; તેમાં દિવ્યતા જ ઝરતી હોય. જેનાં કિંચિત્ દર્શન કરીએ.

સેવકે આવું [illegible]. છતાં આપ જો માફી કરો તો [illegible] સેવક ને [illegible]

વર્તમાનકાળે આપણને મળેલા દિવ્ય સત્પુરુષ એટલે દિવ્યતાનો મહાસાગર. આપણે એમાંથી કિંચિત્ આચમન કરી આપણાં વાણી, વર્તન, વ્યવહારમાં રહેતી દિવ્યભાવની કસરને ટાળીએ એ જ આપણું શિષ્યત્વ છે. એ જ ગુરુદેવના પ્રાગટ્ય દિનની ઉજવણી કરી કહેવાશે.


## શાંતિપાઠ



ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય આશીર્વાદ : "આધિ-વ્યાધિ-ઉપાધિ એમ ત્રિવિધ તાપથી પીડાતા સર્વેને સદાય સુખ-શાંતિ-આનંદ રહેશે અને શ્રીહરિની ઇચ્છાથી આવેલ દુ:ખોની નિવૃત્તિ થાય એવા દિવ્ય આશીર્વાદ હરહંમેશને માટે આ દિવ્ય સ્થાને શાંતિપાઠ કરાવનારને મહારાજ, બાપાશ્રી અને ગુરુદેવ પ.પૂ. બાપજીના મળતા રહેશે..."

● શુભ સ્થળ ●

SMVS શ્રી સ્વામિનારાયણ મંદિર, વાસણા

ફોન : ૯૯૨૫૧૬૦૮૮૦ (શાંતિપાઠ નોંધાવવા માટે)



**નિવેદન ફોર્મ : ૨૦૨૫ (ઘનશ્યામ)**

ઘનશ્યામ માલિકી અને બીજી માહિતી નિવેદન (ફૉર્મ નં-૪, રૂલ-૮)

**પ્રકાશન સ્થળ :** સ્વામિનારાયણ ધામ,કોબા- ગાંધીનગર હાઈવે ગાંધીનગર-૩૮૨૪૨૧

**પ્રકાશન ક્રમ :** માસિક

**મુદ્રકનું નામ :** સાધુ પૂર્ણસ્વરૂપદાસ

**પ્રકાશકનું નામ :** સાધુ ભક્તવત્સલદાસ

**તંત્રીનું નામ :** નરેન્દ્ર આર. ત્રિવેદી

**રાષ્ટ્રીયતા :** ભારતીય

**માલિકનું નામ :** સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

**સરનામું :** સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે,ગાંધીનગર-૩૮૨૪૨૧

હું, સાધુ ભક્તવત્સલદાસ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગત મારી જાણ અને માન્યતા મુજબ યોગ્ય છે.

સહી

સાધુ ભક્તવત્સલદાસ




દિવ્યદૃષ્ટિ દેહભાવ અને દેહદશાને ઉડાડી દે છે.

## કાંદિવલી (મુંબઈ) શિલાન્યાસ સમારોહ





તા. ૧૨-૧-૨૦૨૫ ને રવિવારના રોજ સાંજે ૫:૦૦થી ૮:૩૦ દરમ્યાન મુંબઈમાં કાંદિવલી ખાતે એસ.એમ.વી.એસ. સંસ્થાના નૂતન મંદિરનિર્માણ માટેનો શિલાન્યાસ સમારોહ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્ય નિશ્રામાં શાનદાર રીતે સંપન્ન થયો. શિલારોપણ સ્થળથી સભા મંડપ સુધી વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીનું સામૈયું કરવામાં આવ્યું. આજના પ્રોગ્રામમાં યજમાનો તથા મોટેરા હરિભકતો સાથે મંગલમય પરિસરમાં દિવ્ય મહાપૂજા વિધિનો પ્રારંભ થયો. વ્હાલા ગુરુજીના હસ્તે શિલા તથા પ્લાનનું પૂજન કરવામાં આવ્યું. સુશોભિત સ્થાનમાં શિલારોપણ કર્યા બાદ વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી તથા યજમાનો દ્વારા આરતી ઉતારવામાં આવી. પ્રાસંગિક સંત પ્રવચનનો લાભ મળ્યા બાદ ઉપસ્થિત તમામ સભાગણ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીમાં ગરકાવ બન્યો. ઉત્સાહી સ્વયંસેવકોએ પૂ. પૂર્ણસ્વામી, પૂ. નિર્લેપસ્વામી તથા પૂ. તેજોમયસ્વામીની રાહબરી હેઠળ સમગ્ર સેવાયજ્ઞને દીપાવ્યો હતો. આમ, આ શિલાન્યાસ સમારોહમાં પધારેલ ૨૩૭૦થી વધુ ભાવિક ભકતોએ ગુરુજીનાં દર્શન-આશીર્વાદ તેમજ પ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

## કારણ સત્સંગના વિશ્વવ્યાપી પ્રવર્તન કાજે વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ

**તા. ૨૫-૧-૨૫**ના રોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૨૫૬૦૨થી વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ આપી મહાત્મ્યસભર કર્યા હતા.

**તા. ૨૮-૧-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વિદેશના** પ્રેમીભક્તોને ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ આપી તેમના મનોરથ પૂર્ણ કર્યા હતા.

**તા. ૭-૨-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **નોર્થ અમેરિકા** તથા **યુ.કે.**ના આદર્શ પ્રૉજેક્ટમાં જોડાયેલ મુક્તોને ઑનલાઇન દિવ્યવાણીનો લાભ આપી રાજીપાના માર્ગે પ્રગતિ કરવાનું બળ પૂરું પાડ્યું હતું.

**તા. ૮-૨-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૨૪૦૨૫થી વધુ મુમુક્ષુઓને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ આપી દિવ્યભાવની દુનિયામાં ગરકાવ કર્યા હતા.

**તા. ૯-૨-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સુરેન્દ્રનગર** ખાતે સવારના સેશનમાં અંગત શિબિરમાં ઉપસ્થિત મુક્તોને પોતાની દિવ્યવાણીનો લાભ આપ્યો હતો. **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમયે **સુરેન્દ્રનગર** ખાતે સંસ્થાના ભવિષ્ય સમ બાળપેઢીને ઘડવાની સેવા નિભાવતા બાળ સંચાલકોને રાજીપાસહ લાભ આપ્યો હતો. તેમજ રાત્રિ સમયે જાહેર સભામાં હેપી ફૅમિલિ વિષયક લાભ આપી ૧૫૨૦થી વધુ મુક્તોને સુધાવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૧૦-૨-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સુરેન્દ્રનગર** ખાતે પ્રાતઃ સભામાં કથાવાર્તાનો લાભ આપી ઉપસ્થિત મુક્તોને મહારાજ અને મોટાના સંકલ્પમાં ભેગા ભળવાના આગ્રહી બનાવ્યા હતા. સવારના સેશનમાં **વ્હાલા ગુરુજી**એ ૯ પધરામણી તેમજ ૧ રસોઈની સેવાનો લાભ આપી ભાવિક ભક્તોના ભાવનો સ્વીકાર કર્યો હતો.

આજરોજ **વ્હાલા ગુરુજી**એ **માંડલ** તથા **ટ્રેન્ટ** ખાતે સંધ્યા સમયે ૧૧ પધરામણી તેમજ ૧ રસોઈની સેવાનો લાભ આપી પ્રેમીભક્તોના કાલાવાલાનો સ્વીકાર કર્યો હતો અને રાત્રિ સમે **વ્હાલા ગુરુજી**એ **માંડલ** ખાતે જાહેર સભામાં હેપી ફૅમિલિ કરવાના ઉપાયો પર ૧૪૧૦થી વધુ હરિભક્તોને સુધાવાણીનો લાભ આપ્યો હતો.

**તા. ૧૨-૨-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **વાસણા** ખાતે પૂનમ સમૈયામાં પોતાની દિવ્યવાણીનો લાભ આપી ૨૮૦૦૧થી વધુ મુમુક્ષુઓને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ આપી મહિમાવંત કર્યા હતા.

**તા. ૧૪, ૧૫, ૧૬-૨-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે અમદાવાદ પૂર્વ ઝોનના મુક્તોને દિવ્ય સાંનિધ્ય શિબિર દ્વારા નિકટ લઈ ક્યારેય ન ભુલાય તેવાં અમૂલ્ય સંભારણાં આપી સુખિયા કર્યા હતા.

# હૃદયની બીમારીઓ પર થશે વાર,
# SMVS આપે છે શ્રેષ્ઠ સારવાર...

## સરકારશ્રીની ગાઈડલાઈન પ્રમાણે

SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલના કાર્ડિયોલોજી વિભાગમાં એન્જીયોગ્રાફી, એન્જીયોપ્લાસ્ટી અને બાયપાસ સર્જરીની

## નિઃશુલ્ક સુવિધા ઉપલબ્ધ છે.

અહીં નિષ્ણાત કાર્ડિયોલોજિસ્ટ અને કાર્ડિયાક સર્જરીની ટીમ

**તમારા હૃદયની કાળજી માટે 24x7 ઉપલબ્ધ છે.**

**આ સાથે જ તમને મળે છે,**

| | |
|---|---|
| કાર્ડિયાક હેલ્થ પેકેજ | માત્ર રૂ. 1,199/- (54 ટેસ્ટ) |
| એન્જીયોગ્રાફી | માત્ર રૂ. 3,999/- |
| એન્જીયોપ્લાસ્ટી | માત્ર રૂ. 49,999/- (સ્ટેન્ટ અલગથી) |
| બાયપાસ સર્જરી | માત્ર રૂ. 1,99,999/- |





**આયુષ્માન અને મા કાર્ડ યોજના અંતર્ગત**

**નિઃશુલ્ક સારવાર ઉપલબ્ધ...**

SMVS SWAMINARAYAN HOSPITAL
A Humanitarian Hospital

**SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ**
SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં,
કોબા - ગાંધીનગર હાઇવે, ગાંધીનગર - 382 007.
**વધુ માહિતી માટે કોલ કરો : 63 59 77 07 25**
info@smvshospital.com

Emergency Help Line : 73 73 73 39 04 / 05 | www.smvshospital.com

Follow us :




મીઠી વાણી અને વ્યવહારથી સામેનાનું હૃદય ધબકતું રાખી શકાય છે.

શિક્ષણ, સંસ્કાર અને સર્વાંગી વિકાસનો ત્રિવેણી સંગમ... પ્રવેશ ચાલુ

## SMVS સ્વામિનારાયણ ધામ - ગુરુકુલ

- ધો. ૮ અને ૯ના ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને જ પ્રવેશ મળશે.
- પ્રવેશ માટે ૬૫% હોવા ફરજિયાત છે.

**પ્રવેશ ફોર્મ ઉપલબ્ધ :** સંસ્થાનાં દરેક મુખ્ય સેન્ટર પરથી મળી શકશે તથા www.smvs.org વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી શકાશે.

- પ્રવેશ ફોર્મનું વિતરણ તા. ૧૪/૩/૨૫થી શરૂ થશે.

ધો. ૮થી ૧૨ (ગુજરાતી/અંગ્રેજી માધ્યમ)



**● SMVS ગુરુકુલની વિશેષતાઓ ●**

● પવિત્ર સંતોનું દિવ્ય સાંનિધ્ય ● હાઇટેક એજ્યુકેશન ● વિશાળ વાંચનાલય ● અલગ કોચિંગ ક્લાસની વ્યવસ્થા ● વિશાળ પ્લે ગ્રાઉન્ડ ● ધો. ૧૦ અને ૧૨ માટે વેકેશન બેચનું આયોજન ● ભોજન માટે ડાઇનિંગ ટેબલની વ્યવસ્થા

અન્ય માહિતી માટે સંપર્ક : સમય : સવારે ૯થી ૧૨ અને સાંજે ૫થી ૭ ● કાર્યાલય સંપર્ક : +૯૧ ૯૯૨૫૨૩૭૦૦૪/૨૭૧

## ગુરુદેવ પ.પૂ. બાપજી વિદ્યાસેવા સંકલ્પ સંકુલ

### SMVS સંકલ્પ ગુરુકુલ
ધો. ૮થી ૧૦ (ગુજરાતી માધ્યમ)



- પ્રવેશ પરીક્ષા દ્વારા એડ્મિશન
- ધો. ૮ અને ૯માં પ્રવેશ ચાલુ
- પૂ. સંતોનું દિવ્ય સાંનિધ્ય
- સંપર્ક : +૯૧ ૯૯૨૫૨૩૭૦૧૮/૩૩
- એડ્મિશન પ્રક્રિયા (ગોધર મંદિરે)

### SMVS સ્વામિનારાયણ ધામ ગર્લ્સ ગુરુકુલ
ધો. ૮થી ૧૨ (ગુજરાતી માધ્યમ)



- પ્રવેશ પરીક્ષા દ્વારા એડ્મિશન
- ફક્ત ધો. ૮ માટે જ પ્રવેશ ચાલુ
- પૂ. ત્યાગી મહિલામુક્તો દ્વારા ગર્લ્સ ગુરુકુલનું સંચાલન
- પ્રવેશ ફોર્મનું વિતરણ તા. ૧૪/૩/૨૫થી શરૂ થશે.
- સંપર્ક : +૯૧ ૯૦૯૯૦૬૨૩૮૦, ૯૬૬૨૭૫૧૩૧૭

**ભણવા, રહેવા અને જમવાની નિઃશુલ્ક સુવિધા**
**શૈક્ષણિક અનુદાન સેવામાં સહભાગી થવા SMVS સંસ્થાના સેન્ટરનો સંપર્ક કરવો.**

## સ્વામિનારાયણ ધામ ઇન્ટરનૅશનલ સ્કૂલ



- **અંગ્રેજી માધ્યમ :**
  - નર્સરીથી ધો. ૧૦ સુધી (ICSE બોર્ડ)
  - નર્સરીથી ધો. ૧૨ સુધી (GSEB બોર્ડ) (કૉમર્સ/સાયન્સ)
- **ગુજરાતી માધ્યમ :**
  નર્સરીથી ધો. ૧૨ સુધી (કૉમર્સ/સાયન્સ)
- **ટ્રાન્સપોર્ટેશન :**
  અમદાવાદ, કલોલ, ગાંધીનગર, દહેગામ સુધી
- **સંપર્ક :** (મો.) ૯૯૭૯૮૮૪૪૭૧/૭૩ ● visit us : www.sdis.edu.in

Ghanshyam, March-April-2025. Published on 10-03-2025. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/2024-26, Valid up to 31-12-2026. Regd No. G-GNR-315/ 2024-26, Extended up to 31-12-2026. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.






## દિવ્ય સંત શિબિર : ૨૦૨૫






ઘનશ્યામ

# QUIZ TIME

**ક્વિઝ રમવા માટે અહીં ક્લિક કરો.**

**START NOW**

SMVS